નો ફેવર, નો ફિઅર...

# સામના મિરર

RNI title code no. GUJGUJ18053 RNI Reg. No. GUJGUJ/2023/85765 Daily Morning Newspaper


સામના મિરર
Dt.22/1/2025 WEDNESDAY 04
કેકેવી ચોક બ્રિજ હેઠળના ગેમઝોનમાં વિવાદ : જાહેર સલામતી સામે સવાલો
રાજ્ય સરકારે અમદાવાદ, વડોદરાની જેમ બ્યુટીફીકેશનમાં બ્રિજ હેઠળ રમત - ગમત પ્રવૃત્તિ વિકસાવવા આપેલા આદેશને પગલે મંજૂરીની અપેક્ષાએ કામ શરૂ કરી દેવાયું
પાર્કિંગ, ટ્રાફિક સહિતની બાબતો ધ્યાનમાં રાખી ૨૦ વર્ષનું આયોજન કરાયું છે : કોઇ જોખમ નહીં સર્જાય: સ્ટે.ચેરમેન ઠાકર

કેકેવી ચોક બ્રિજ હેઠળના ગેમઝોનમાં વિવાદ : જાહેર સલામતી સામે સવાલો

જુઓ પેજ નં.૪

માલિક/એડિટર : રાજેશ ઉદયકુમાર બગડાઈ I Date :23 JANUARY 2025 I THURSDAY I Page :8 I Year : 2 I Issue :248 I Price: 2/-

## મહારાષ્ટ્રના જલગાંવ પાસે દુર્ઘટના

# આગની અફવાથી ટ્રેનમાંથી કૂદેલાઓનાં બીજી ટ્રેનની અડફેટે ૧૫ના મોત

મુંબઈઃ મોત પોકારતું હોય ત્યારે પાંચમની છઠ્ઠ થતી નથી તેવું સાબિત કરતા એક અકસ્માતમાં મહારાષ્ટ્રના જળગાંવ પાસે એક ટ્રેનમાં આગની ખોટી અફવા ફેલાતાં ૫૦ જેટલા પ્રવાસીઓ ચેઈન પુલિંગ કરી તેમાંથી કૂદી ગયા હતા. આ જ વખતે સામેના ટ્રેક પર આવતી બીજી ટ્રેને તેમને અડફેટે લેતાં આશરે ૧૫થી વધુ પ્રવાસીઓનાં મોત નીપજ્યાં હતાં. આમ જીવ બચાવવાના હેતુથી મોત ટાળવા માટે ઝંપલાવનારા પ્રવાસીઓને એ ઘડીએ આખરે મોત જ મળ્યું હતું. લખનૌથી મુંબઈ આવતી પુષ્પક એક્સપ્રેસ ટ્રેનના પ્રવાસીઓ જળગાંવના પાચોરા સ્ટેશન નજીક કર્ણાટક એક્સપ્રેસની હેઠળ કચડાતાં ભારે શોક છવાયો હતો.



સાંજે પાંચ વાગ્યાની આસપાસ પુષ્પક એક્સપ્રેસે પરઘાડે ગામ નજીક પસાર થઈ રહી હતી તે વખતે કોઈ પ્રવાસી દ્વારા એલાર્મ ચેઈન ખેંચવામાં આવી હતી. ટ્રેન અચાનક ઉભી રહ્યા બાદ ઘણા પ્રવાસીઓ એક પછી એક ટ્રેનમાંથી પાટા પર કૂદી પડ્યા હતા. દરમિયાન બાજુના ટ્રેક પર પૂરવેગે બેંગ્લુરુથી દિલ્હીની દિશામાં દોડતી કર્ણાટક એક્સપ્રેસે પાટા પર ઉમટેલા પ્રવાસીઓને અડફેટે લઈ લીધા હતા. અકસ્માતમાં મૃત્યુ પામનારા પ્રવાસીઓનો અંદાજીત આંકડો ૧૫ થી વધુ છે. જે વધવાની શક્યતા છે. કારણકે ઘણા પ્રવાસીઓને ગંભીર ઈજા થઈ હતી.

રેલવે અધિકારીના જણાવ્યાનુસાર આ દુર્ઘટના આગ લાગવાની શંકાને કારણે બની હતી. એક્સપ્રેસના કોચ બી-ફોરના પૈડામાંથી ધૂમાડા નીકળતા જોઈને પ્રવાસીઓ આગ લાગી હોવાની બૂમાબૂમ કરવા લાગ્યા અને ગભરાયેલા પ્રવાસીઓએ એલાર્મ ચેઈન ખેંચી લીધી હતી. પુષ્પક ટ્રેનમાં સવાર લખનૌના એક પ્રવાસીએ કહ્યું હતું કે ટ્રેનમાં ફરતા ચા વાળાએ આગની અફવા ફેલાવી હતી, ત્યારે ટ્રેન ઉભી હતી. લોકો દોડાદોડી કરવા લાગ્યા, ઘણા લોકો ટ્રેનમાંથી ઉતરીને ભાગી રહ્યા હતા અને વિરુદ્ધ દિશામાંથી આવતી કર્ણાટક એક્સપ્રેસ પુષ્પક એક્સપ્રેસના પ્રથમ ત્રણ કોચ સુધી દોડી અને પછી અકસ્માતને કારણે અટકી ગઈ હતી. અગર પૂર્ણ ટ્રેન પસાર થઈ ગઈ હોત તો ઉતરનારા બધા જ પ્રવાસીઓના મોત થયા હોત.

દુર્ઘટનાની જાણ થતા ૩૦ થી ૪૦ મિનિટમાં પ્રાંત અધિકારી અને કલેક્ટર સહિતના અધિકારીઓ તથા અન્ય સરકારી એજન્સીઓના સ્ટાફ ઘટના સ્થળે પહોંચી ગયા હતા . તત્કાળ મદદ કાર્ય હાથ ધરાયું હોવાનું જળગાવના પાલક પ્રધાન ગુલાબરાવ પાટીલે જણાવ્યું હતું. મૃતકોમાંથી ચાર પ્રવાસીઓના મૃતદેહ પાચોરામાં હતા, આઠ-મૃતદેહ જળગાવ મોકલાયા હતા. ગંભીર જોખમી થયેલાઓને નજીકની ખાનગી હોસ્પિટલમાં લઈ જવાયા હતા. જળગાવના જિલ્લા અધિકારીએ જણાવ્યું હતું કે ઘાયલોની સારવાર માટે ગ્રામીણ અને ખાનગી હોસ્પિટલ તથા સરકારી મેડિક્લ કોલેજની મદદ લેવાઈ હતી. સાંજે સાત વાગ્યાની આસપાસ મેડિકલ કોલેજમાં ૧૨ મૃતદેહો મોકલાયા હતા.

સીએમ દેવેન્દ્ર ફડણવીસે સોશિયલ મીડિયા ઉપર ભીષણ અકસ્માતની નોંધ લેતા ખેદ વ્યક્ત કરી મૃતકોને શ્રદ્ધાંજલી આપી હતી. તેમણે લખ્યું હતું કે ''જળગાંવની જનરલ હોસ્પિટલ અને ખાનગી હોસ્પિટલોને ઘાયલોની સારવાર માટે તૈયાર રખાઈ છે. રાજ્ય પ્રધાન ગિરિશ મહાજન અને પોલીસ સુપ્રિન્ટેન્ડેન્ટ ઘટના સ્થળે પહોંચ્યા છે.

# રૂા.૧૦ લાખ સુધીની આવક કરમુક્ત!

### આવકવેરામાં મોટી રાહતની તૈયારી : બે તબક્કાના કરદાતાઓને આવરી લેવાશેઃ રૂા.૧૫થી ૨૦ લાખની આવકમાં પણ ૩૦%ના બદલે ૨૫%નો સ્લેબ વિચારણા હેઠળ

નવી દિલ્હીઃ કેન્દ્રીય બજેટનું કાઉન્ટડાઉન શરૂ થયુ છે અને દરેકની નજર હવે નાણામંત્રી નિર્મલા સીતારામન આવકવેરામાં કેટલી 'રાહત' આપે છે તેના પર છે તથા હવે તો આ રાહતનો 'હકક' પણ માને છે તેવુ આર્થિક નિષ્ણાંતોનું માનવું છે તે સમયે તા.૧ ફેબ્રુઆરીના રજૂ થનારા કેન્દ્રીય બજેટમાં હવે સીધા




કરવેરામાં ખાસ કરીને પર્સનલ ઈન્કમટેકસમાં કેટલી રાહત અપાય છે તેની ચર્ચા વચ્ચે રૂા.૨૦ લાખ સુધીની આવક ધરાવતા પગારદાર કરદાતાને મોટી રાહત અપાય તેવી ધારણા છે. સરકાર બે વિકલ્પો પર વિચારણા કરી રહી હોવાનું બહાર આવ્યુ છે. જેમાં રૂા.૧૦ લાખ સુધીની આવક પુરી રીતે કરમુક્ત કરવાનો એક વિકલ્પ છે અને બીજો એક વિકલ્પ ૨૫%નો એક નવા આવકવેરા સ્લેબ પણ સરકાર બનાવી શકે. જે ૧૫થી૨૦ લાખ સુધીની આવક ધરાવતા માટે હશે જે હાલ ૩૦%ના સ્લેબ હેઠળ આવે છે. નાણા મંત્રાલયના સૂત્રોના જણાવ્યા મુજબ હાલ બન્ને વિકલ્પ પર વિચારણા થઈ રહી છે.



## તંત્રી લેખ

–રાજેશ યુ. બગડાઈ

# ફ્રોડ કરનારાઓ વધુ ચતુર થયા




સ્માર્ટ ફોનના વધતા વપરાશની સાથે સાથે સાયબર ફ્રોડ પણ વધી રહ્યા છે તે આજના ડિજિટલ યુગની અપ્રિય હકીકત છે. ડિપાર્ટમેન્ટ ઓફ ટેલિકોમ્યુનિકેશનના આદેશ હેઠળ જિયો, એરટેલ, વોડાફોન અને આઇડિયા જેવી કંપનીઓએ કોલર ટયુન મુકીને લોકોને ચેતવ્યા છે,પરંતુ પોલીસ, એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ, સીબીઆઇ વગેરેનો ડર લોકોના મનમાં એટલી હદે ઘૂસેલો છે કે ન પૂછો વાત. પોલીસ સ્ટેશનમાં બિનજરૂરી પ્રશ્નોતરી થાય છે, ત્યાં મારપીટ થઇ શકે છે અને ખૂબ ધક્કા ખાવા પડે છે તેવી એક ધારણા સામાન્ય જનતા ધરાવતી હોય છે.

સીબીઆઇ અને એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ જેવી તપાસ એજન્સીઓનાં પગથિયાં એકવાર ચઢ્યા એટલે આવી બને છે, એ લોકો તમને થકવી નાખે છે, બદનામ કરી નાખે છે તેવી એક છાપ છે. વગદાર લોકો, રાજકારણીઓ અને રીઢા ગુનેગારો તપાસ એજન્સીઓથી ડરતા નથી, પરંતુ મધ્યમવર્ગીય લોકો, ખાસ કરીને સિનિયર સિટીઝનો તપાસ એજન્સીઓના નામ માત્રથી ફફડી ઉઠે છે. મધ્યમ વર્ગના માણસને પોતાના ઘરની બહાર પોલીસ જીપ માત્ર ઊભી રહે તો પણ બદનામી જેવું લાગે છે. આ ડર જ તેમનું બેન્ક અકાઉન્ટ સફાચટ થઈ જવાનું કારણ બને છે. કોઇ પોલીસ સ્ટેશનથી ફોન આવે તો પણ મિડલ ક્લાસના માણસનું બ્લડ પ્રેશર વધી જાય છે. આવી સ્થિતિમાં ફ્રોડ કરવા બદલ પોલીસ ધરપકડની ધમકી મળે તો તેમની કેવી હાલત થાય! ફોન કરનારાઓને સામાન્યપણે લોકો પૂછતા નથી કે ભાઈ, તું સાચો પોલીસવાળો છે કે ફ્રોડ છે તેની મને કેવી રીતે ખબર પડે? મધ્યમવર્ગની માનસિકતા ફ્રોડ કરનારાઓ બહુ સારી રીતે જાણતા હોય છે. એટલે જ ટ્રેપમાં ફસાઈ જનારને રીતસર ધમકાવવામાં આવે છે. કોઈ ભૂલેચુકેય પ્રશ્ન પૂછે તો વધારે સવાલ કરીશ તો જેલના સળીયા ગણવા પડશે એમ કહીને ડરાવવામાં આવે છે. લોકોના મનમાં ઘર કરી ગયેલા આ ડરને દૂર કરવાનો ખરેખર કોઈ ઉપાય નથી. એટલેસ્તો ડુપ્લિકેટ પોલીસ પણ રોડ પર ઊભા રહીને લોકોને તતડાવી જાય છે. ડિજિટલ એરેસ્ટના કિસ્સાઓ અટકવાનું નામ લેતા નથી. દેશમાં સાયબર ફ્રોડના રોજના ૭૦૦૦ કેસો નોંધાય છે, જેમાંથી અડધોઅડધ કિસ્સા તો ડિજિટલ એરેસ્ટના હોય છે. ફ્રોડ કરનારા લોકોને એવા ડરાવી દે છે કે તેઓ જે કહે તે કરવા તૈયાર થઇ જાય છે. એકલા ૨૦૨૪માં ભારતીયોના ૧૭૫૦ કરોડ રૂપિયા સાયબર ફ્રોડ કરનારાઓએ આંચકી લીધા હતા.એડવાન્સ્ડ ટેકનોલોજી આવ્યા પછી સાયબર ફ્રોડ કરનારાઓ ઊલટાના વધારે ચતુર બની ગયા છે. અરે, ફ્રોડ કરનારા હવે આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ (અઈ) સુધ્ધાંનો ઉપયોગ કરવા લાગ્યા છે. હાઈટેક લેભાગુઓ પોતાની જાતને સતત અપડેટ રાખે છે, પરંતુ ફ્રોડની તપાસ કરવાની જેની જવાબદારી છે તે સાયબર પોલીસ અપડેટ થતી નથી. ડિજિટલ એરેસ્ટની ઘટનાઓ પર નજર નાખીએ તો ખ્યાલ આવે કે ફ્રોડ કરનારા બહુ સિફતથી પોતાના શિકારનો વિશ્વાસ જીતે છે. જો તમારે બચવું હોય તો હું કહું તેમ કરો એમ કહીને તેના પૈસા ખંખેરી લે છે. તેઓ વોઇસ ક્લોનિંગ ટેકનોલોજીનો ઉપયોગ કરીને લોકોને ડરાવે છે. સાયબર ફ્રોડ કરનારાઓ સામાન્યપણે પચ્ચીસેક વર્ષના જુવાનિયાઓ હોય છે. તેઓ ઇન્ફર્મેશન ટેકનોલોજીના જાણકાર હોય છે અને તેમને ફ્રોડ કરવામાં ફાવટ આવી ગઇ હોય છે. આવા યુવાનો લાખો રૂપિયા કમાતા હોય છે. જેમ લોકો ડિજિટલ એરેસ્ટમાં ફસાય છે એમ અઈ ડીપફેકની જાળમાં પણ આવી જાય છે. અઈથી જનરેટ કરેલા વોઇસ, વીડિયો વગેરેથી શિકારને ડરાવવામાં આવે છે. ફ્રોડ કરનારા અઈનો ઉપયોગ કરીને પોતે જેન્યુઇન પોલીસ છે તે બતાવવામાં સફળ થાય છે. એમનો અવાજ પોલીસ અધિકારી જેવો સત્તાવાહી હોય છે.



# અમેરિકા 'ગેરકાનુની' વસી ગયેલા ૨૦૦૦૦ ભારતીયોને પરત મોકલશે

વોશિંગ્ટનઃ અમેરિકામાં ટ્રમ્પ શાસનના પ્રારંભના જ ૪૮ કલાકમાં ભારત માટે એક ખાસ સમાચાર આવી ગયા છે. રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ગેરકાનુની રીતે અમેરિકામાં રહેતા વિદેશી નાગરિકોને બહુ ઝડપથી તેમના દેશમાં પરત મોકલી આપવાની કરેલી તૈયારીઓ હવે ૧૮૦૦૦ થી ૨૦૦૦૦ ભારતીયોને પરત મોકલી અપાશે અને તેમાં 'સહકાર' આપવા ભારત સરકારે પણ હા પાડી છે.અમેરિકામાં હાલ ૧૮૦૦૦ જેટલા ભારતીયોની ઓળખ મેળવી છે જયાં પુરતા દસ્તાવેજ વગર કે તેમની વિસા મુદત પુરી થયા બાદ પણ અમેરિકામાં વસી ગયા છે અને આ યાદી તેમના પાસપોર્ટ અને અન્ય ઓળખના આધારે તે માહિતી ભારતને મોકલશે.જે ચકાસણી કર્યા બાદ તેમાં ભારતીય નાગરિકો છે તે નિશ્ચિત કરાશે અને બાદમાં તેમને ભારત પરત મોકલી અપાશે અને આ યાદીમાં પશ્ચિમ ભારતમાં ગુજરાતીઓ સૌથી વધુ છે. બીજો ક્રમ પંજાબીઓનો આવે છે.

આ સંખ્યા ૨૦૪૦૭ ભારતીયોની છે તેવુ અન્ય એક અહેવાલમાં જણાવાયુ છે. આ યાદીમાં ૧૭૯૪૦ ભારતીયો જેઓ હજું અમેરિકી ઈમીગ્રેશન વિભાગની કસ્ટડીમાં નથી પણ તેઓને ફાઈનલ રીમુવલ ઓર્ડર આપી દેવાયા છે અને ૨૪૬૭ એ અમેરિકી કસ્ટડીમાં છે. આ જ રીતે ઈરાન-દક્ષિણ સુદાન, બોસ્નીયા સહિત નવા દેશોના ગેરકાનુની વસાહતી નાગરિકોને પણ પરત મોકલી અપાશે જે દેશો તેમાં સહકાર આપતા નથી તે દેશોને 'અનકોપરેટીવ' શ્રેણીમાં મુકીને તેની સામે ટ્રમ્પ આકરા પગલા લેશે. નવેમ્બર ૨૦૨૩ અને ઓકટો ૨૦૨૪ વચ્ચે અમેરિકાએ ૫૧૯ ભારતીયોને પરત મોકલી દીધા હતા. અમેરિકામાં ગેરકાનુની રીતે ઘુસણખોરીમાં ભારતીયોની સંખ્યા કુલ ઘૂસણખોરોમાં ૩% જેટલી છે.

મોદી સરકારે આ ઉપરાંત અમેરિકામાં રહેતા ખાલીસ્તાની નેતાઓ જેઓ સતત ભારત વિરૂદ્ધ વલણ લઈ રહ્યા છે તેને પણ પરત મોકલવા માંગ કરી છે. એક રિપોર્ટ મુજબ અમેરિકામાં કુલ ૨.૨૦ લાખ જેટલા ભારતીયો ગેરકાનુની રીતે અથવા અપુરતા દસ્તાવેજ કે વિસા મુદત પુરી થયા બાદ પણ આ દેશમાં વસી ગયા છે અને તેઓ 'રીપોર્ટીંગ' કરતા નથી. જો કે અમેરિકામાં ગેરકાનુની રીતે ઘૂસનારમાં મેકસીકો સહિતના લેટીન અમેરિકાના દેશોના નાગરિકોની સંખ્યા સૌથી વધુ છે.

# પીએમ મોદી ફેબ્રુઆરીમાં ફ્રાન્સ જઈ શકે છે : AI સમીટમાં ભાગ લેશે

નવી દિલ્હી,તા.૨૨

પીએમ મોદી ફેબ્રુઆરીના બીજા સપ્તાહમાં ફ્રાન્સના પ્રવાસે જઈ શકે છે. આ વડાપ્રધાનનો દ્વિપક્ષીય આધીકારીક પ્રવાસ તો હશે જ, સાથે સાથે ત્યાં યોજાનારી આર્ટીફીશ્યલ ઈન્ટેલીજન્સ (એઆઈ) એકશન સમીટમાં પણ ભાગ લેશે.ગત મહિને ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોએ પણ આ બાબતની જાણકારી આપી હતી. આ સમીટથી એઆઈ પર એક આંતરરાષ્ટ્રીય ચર્ચા પણ થશે. મેક્રોએ એ પણ જણાવ્યું હતું કે આ સમીટથી ફ્રાન્સને અમેરિકા, ચીન અને ખાડી દેશો સાથે સંવાદ કરવામાં મદદ મળશે. ફ્રાન્સ સરકારે જણાવ્યું હતું કે, ગ્લોબલ એઆઈ સેકટરથી એ પ્રકારના નિર્ણયો લેવાશે. જેમાંથી સામાજીક, આર્થિક



અને પર્યાવરણના ક્ષેત્રમાં જાહેર મહત્વની દિશામાં આગળ વધી શકાશે. માનવામાં આવે છે કે આ દરમિયાન ભારત અને ફ્રાન્સ વચ્ચે મોટી ડિફેન્સ ડીલ પર મહોર લાગી શકે છે.

# રાષ્ટ્રીય સ્વાસ્થ્ય મિશન હજુ પાંચ વર્ષ ચાલુ રહેશેઃ કેબીનેટ બેઠકમાં નિર્ણય

નવી દિલ્હી,તા.૨૨

આજે કેન્દ્રીય કેબિનેટની એક મહત્વપૂર્ણ બેઠક મળી હતી જેમાં ૨ નિર્ણયો લેવામાં આવ્યાં હતાં. આમાંથી એક ખેડૂતો સાથે પણ સંબંધિત છે, અને બીજો નિર્ણય નેશનલ હેલ્થ મિશન સાથે સંબંધિત છે.૨૦૨૫-૨૬ માટે કાચા શણ માટે એમએસપી ૬ ટકા વધારીને ૫૬૫૦ રૂપિયા પ્રતિ ક્વિન્ટલ કરવામાં આવ્યો છે. ગયાં વર્ષની સરખામણીએ તેમાં ૩૧૫ નો વધારો કરવામાં આવ્યો છે. પીએમ મોદીની આગેવાની હેઠળની સરકાર સીએસીપીની ભલામણોના આધારે એમએસપીમાં સતત વધારો કરી રહી છે. સીસીઈએમાં ૨૦૨૫-૨૬ની સિઝન માટે શણના ન્યૂનતમ ટેકાના ભાવમાં વધારો કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.




સરકારે કાચા શણના લઘુત્તમ ટેકાના ભાવમાં ૨૮૫ રૂપિયા પ્રતિ ક્વિન્ટલનો વધારો કર્યો હતો. જ્યારે પણ જરૂરિયાત હોય ત્યારે સરકાર ખાતરી કરે છે કે ખેડૂતોને ખરીદી કરીને ૧૦૦ ટકા એમએસપી મળે. જેનાં કારણે ખેડૂતોને કોઈ ચિંતા ન રહે. તેની અસર નિકાસ પર પણ પડે છે. કારણ કે ભારતની જ્યુટ પ્રોડક્ટ્સની નિકાસ વધી રહી છે.બીજો નિર્ણય રાષ્ટ્રીય સ્વાસ્થ્ય મિશનને લગતો લેવામાં આવ્યો હતો.સરકારે આગામી ૫ વર્ષ સુધી નેશનલ હેલ્થ મિશન ચાલું રાખવાનો નિર્ણય કર્યો છે. પીયૂષ ગોયલે કહ્યું કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં રાષ્ટ્રીય સ્વાસ્થ્ય મિશન હેઠળ ઘણાં મહત્વપૂર્ણ લક્ષ્યાંકો પૂરાં કરવામાં આવ્યાં છે.૨૦૨૧-૨૨ માં ૧૨ લાખ હેલ્થકેર વર્કર્સ નેશનલ હેલ્થ મિશનમાં જોડાયાં હતાં અને આ મિશન હેઠળ કોવિડ દરમિયાન ઘણું કામ કરવામાં આવ્યું હતું. દેશભરમાં કોવિડ રસીના ૨૨૦ કરોડથી વધુ ડોઝ આપવામાં આવ્યાં હતાં.જેણે એક આગવી ઓળખ ઊભી કરી હતી. દેશવાસીઓને સુરક્ષિત રાખવા માટે આ એક રક્ષણાત્મક કવચ બની ગયું હતું. પ્રસૂતિ મૃત્યુ દરમાં પણ ઘટાડો થયો છે. શિશુ મૃત્યુદરમાં ઘટાડો થયો છે.

## હવે વિદ્યાર્થીઓને સ્કુલના પુસ્તકો પોસ્ટ પાર્સલથી મળી શકશે

નવી દિલ્હી : હવે દિલ્હી યુનિવર્સિટીની સ્કૂલ ઑફ ઓપન લર્નિંગના વિદ્યાર્થીઓને પાર્સલ દ્વારા અભ્યાસ સામગ્રી મળશે. વિદ્યાર્થીઓ ટ્રેકિંગ આઈડી દ્વારા પાર્સલ ક્યાં પહોંચ્યું છે અને ક્યારે પ્રાપ્ત થશે તે પણ ટ્રેક કરી શકશે.

એસઓએલએ વિદ્યાર્થીઓને આ સુવિધા આપવા માટે ટપાલ વિભાગ સાથે જોડાણ કર્યું છે. જો રહેઠાણનું સરનામું ખોટું છે, તો પાર્સલ એસઓએલ પર પાછું આવશે. અત્યારે, એસઓએલના ત્રણેય કેન્દ્રો પર એપોઈન્ટમેન્ટ દ્વારા અભ્યાસ સામગ્રી આપવામાં આવે છેલગભગ ૧.૫ લાખ વિદ્યાર્થીઓ ફક્ત યુજી સ્તરે એસઓએલમાં અભ્યાસ કરે છે. પ્રવેશ સમયે અને નવાં સત્રની શરૂઆતમાં વિદ્યાર્થીઓને અભ્યાસ સામગ્રી આપવામાં આવે છે. દરરોજ બેથી અઢી હજાર વિદ્યાર્થીઓને ત્રણેય કેન્દ્રો પર નિમણૂક માટે બોલાવવામાં આવે છે, જ્યાં તેમને અભ્યાસ સામગ્રી આપવામાં આવે છે.

## કેન્દ્રીય એજન્સી કાયદાના દાયરામાં રહીને કામ કરેઃ બોમ્બે હાઈકોર્ટે ઈડીને ૧ લાખનો દંડ ફટકાર્યો

મુંબઈ તા.૨૨

કડક વલણ અપનાવી બોમ્બે હાઈકોર્ટે મંગળવારે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ પર ૧ લાખ રૂપિયાનો દંડ ફટકાર્યો છે. કોર્ટે રિયલ્ટી ડેવલપર સામે મની લોન્ડરિંગની તપાસ શરૂ કરવા માટે આ પગલું લીધું હતું. એવું પણ કહેવામાં આવ્યું હતું કે કેન્દ્રીય એજન્સીએ કાયદાના દાયરામાં રહીને કામ કરવું જોઈએ. દંડ ફટકારતી વખતે, જસ્ટિસ મિલિંદ જાધવની સિંગલ બેન્ચે કહ્યું કે, 'નાગરિકોનું શોષણ ન થાય તે સુનિશ્ચિત કરવા માટે કાયદા અમલીકરણ એજન્સીઓને મજબૂત સંદેશ મોકલવાની જરૂર છે. હવે સમય આવી ગયો છે કે ઊઉ જેવી કેન્દ્રીય એજન્સીઓ કાયદો પોતાના હાથમાં લેવાનું અને નાગરિકોનું શોષણ કરવાનું બંધ કરે.'

# સિમેન્ટ - સ્ટીલ ક્ષેત્રમાં સાંઠગાંઠ - કાર્ટેલ મોટી સમસ્યા : નીતિન ગડકરી

નવી દિલ્હી, તા.૨૨

દેશભરમાં રસ્તાઓની ખરાબ હાલત નબળી ડિઝાઇન-નબળા કામને કારણે વધતા અકસ્માતો મામલે આક્રમક વિધાનો કરનારા કેન્દ્રીય પરિવહન પ્રધાન નીતિન ગડકરીએ હવે લોખંડ-સિમેન્ટ ગ્રુપ પર તોપ તાકી છે. સ્ટીલ સિમેન્ટ ક્ષેત્રમાં પ્રવર્તતી કાર્ટેલ મોટી સમસ્યા બની હોવાનું જાહેર કર્યુ છે. નીતિન કડકરીએ જણાવ્યું હતું કે, સ્ટીલ તથા સિમેન્ટ ક્ષેત્ર વચ્ચેની સાંઠગાંઠ દેશ તથા દેશના માળખાકિય વિકાસ માટે મોટી સમસ્યા છે. દેશના માળખાકીય વિકાસ માટે અત્યંત મહત્વપૂર્ણ એવા બન્ને ક્ષેત્રોમાં બહુ ઓછી કંપનીઓ છે અને તેમની વચ્ચે



સાંઠગાઠ છે. સ્ટીલ અને સિમેન્ટ ક્ષેત્ર અમુક ચોક્કસ લોકોના જ હાથમાં છે અને તેઓ કાર્ટેલ રચીને 'ભાવ' નક્કી કરે છે.

તેઓએ જણાવ્યું હતું કે, સ્ટીલ અને સિમેન્ટ ક્ષેત્રની સાંઠગાઠ-કાર્ટેલ તોડવા માટે ફાઈબર આધારિત પ્લાસ્ટીક મહત્વનો વિકલ્પ બની શકે છે અને આ ક્ષેત્રને તમામ પ્રકારની મદદ કરવા માટે સરકારની તૈયારી છે. ફાઈબર બેઈઝડ પ્લાસ્ટીક કંપનીઓને ઉત્પાદન કિંમત ઓછી રાખવા તેઓએ આગ્રહ કર્યો હતો જેથી અન્ય પ્રોડક્ટ કરતા ખર્ચ ૨૦-૨૫ ટકા ઓછો થઈ શકે. માર્ગ કોન્ટ્રાક્ટરોને જેલમાં ધકેલવા જવા આક્રમક વિધાન કરનાર કેન્દ્રીય મંત્રીના આ નિવેદનને સૂચક ગણવામાં આવે છે. સિમેન્ટ-સ્ટીલ કંપનીઓની સાંઠગાંઠ જાણીતી છે, ઉંચા ભાવ સામે વખતોવખત વિરોધ પણ ઉઠતો હોય છે.


# કેકેવી ચોક બ્રિજ હેઠળના ગેમઝોનમાં વિવાદ : જાહેર સલામતી સામે સવાલો

## પાર્કિંગ, ટ્રાફિક સહિતની બાબતો ધ્યાનમાં રાખી ૨૦ વર્ષનું આયોજન કરાયું છે : કોઇ જોખમ નહીં સર્જાયઃ સ્ટે.ચેરમેન ઠાકર

રાજકોટ, તા. ૨૨

ગૌરવ પથ કાલાવડ રોડ પર કેકેવી ચોક બ્રીજ હેઠળ મહાપાલિકા દ્વારા ગેમ ઝોનનું બાંધકામ શરૂ કરવામાં આવ્યું છે. તેની સામે ઉભા થતા વિરોધ અને આજે કોંગ્રેસે કરેલી રજુઆત અંગેના પ્રતિભાવમાં સ્ટે.કમીટી ચેરમેન જયમીન ઠાકરે જણાવ્યું હતું કે સૌ પહેલા તો આ કોઇ ઇન્ડોર ગેમઝોન નથી, પરંતુ બ્રીજ હેઠળ રમત-ગમત પ્રવૃતિની સુવિધા વિકસાવવામાં આવી રહી છે.

રાજ્ય સરકાર દ્વારા સુરત, અમદાવાદ, વડોદરા જેવા શહેરોમાં બ્યુટીફિકેશન અંતર્ગત આવા બ્રીજ હેઠળ સ્પોર્ટસ એકટીવીટી ઉભી કરવામાં આવી છે તે જ પ્રકારે રાજકોટમાં પણ આયોજન કરાયું છે. તેમાં લોકોની સલામતી સાથે કોઇ બાંધછોડ નથી અને પાર્કિંગ સહિતની તમામ વ્યવસ્થાનો વિચાર સામેલ કરવામાં આવ્યો છે. માત્ર કેકેવી ચોક બ્રીજ નહીં, હવે બનનારા સૌથી મોટા કટારીયા ચોકડીના બ્રીજ હેઠળ પણ ગેમઝોન અને ફૂડ કોર્ટનો સમાવેશ ડિઝાઇનમાં જ કરવામાં આવ્યો છે. એટલે કે સરકારથી માંડી કોર્પો. દ્વારા તેનું સંપૂર્ણ મોનિટરીંગ કરીને આયોજન થયા છે. પદાધિકારીએ જણાવ્યું હતું કે, ગુજરાતના ચાર મહાનગરોમાં આવી રીતે રમત-ગમતની પ્રવૃતિ વિકસાવવામાં આવી રહી છે. પે એન્ડ પાર્ક સહિતની સગવડતા છે. ગેમ ઝોન બની જાય તે બાદ આયોજન ખીલી ઉઠશે. સુરત, વડોદરા, અમદાવાદના એસ.જી. હાઇવે પર આવા કામ થયા છે. નિષ્ણાંતો પાસે ૨૦ વર્ષ સુધીના આયોજનની ડિઝાઇન બનાવવામાં આવી છે. અનેક બ્રીજ હેઠળ દબાણ, પેશકદમી જેવી ઘુસણખોરી થતી જોવા મળે છે. પરંતુ ગેમઝોન, ફૂડ ઝોનથી જગ્યા સારી રીતે સચવાશે.આ ચોકમાં ગેમ ઝોન અને પાર્કિંગ સિવાયના પીલર, રામધામ અને રોયલપાર્ક વચ્ચેના રસ્તા ખુલ્લા જ રહેવાના છે. કાર્ડના આધારે જ સભ્યોને તેમના પાર્કિંગમાં પ્રવેશ મળશે. ટેન્ડરમાં તમામ શરતો સંચાલન માટે નકકી કરવામાં આવી છે. કોઇ લત્તાવાસી કે ધંધાર્થીઓને પ્રશ્ન હોય તો તેમના સૂચનને પણ ધ્યાને લેવામાં આવશે. આ રમત-ગમત પ્રવૃતિનું આયોજન શહેરમાં બેનમુન બનવાનું છે.



## રાજ્ય સરકારે અમદાવાદ, વડોદરાની જેમ બ્યુટીફીકેશનમાં બ્રિજ હેઠળ રમત – ગમત પ્રવૃત્તિ વિકસાવવા આપેલા આદેશને પગલે મંજૂરીની અપેક્ષાએ કામ શરૂ કરી દેવાયું



રાજકોટ, તા. ૨૨

રાજકોટના કાલાવડ રોડ પર કેકેવી હોલ ચોકમાં ફલાય ઓવર હેઠળ રાજય સરકારે અમદાવાદ અને વડોદરા જેવા શહેરોમાં જે રીતે બ્રીજ નીચે રમત-ગમત પ્રવૃતિની સુવિધા ઉભી કરવા ડિઝાઇન બનાવેલી છે તે જ પ્રકારે આ બ્રીજ હેઠળ પરીમલ સ્કુલ સામેના ભાગે ઇન્ડોર ગેમ્સ, બોકસ ક્રિકેટ, પીકલ બોલ, સ્કેટીંગ રીંગ બનાવવાનું કામ મહાપાલિકાની સ્ટે.કમીટીએ મંજૂર કર્યા બાદ બ્રીજ હેઠળના પીલરમાં તેનું કામ શરૂ કરવામાં આવ્યું છે.

પરંતુ આ ગેમઝોનથી ટ્રાફિક અને પાર્કિંગ સાથે સલામતીનો પ્રશ્ન પણ ઉભો થવા ઘણા લોકોએ વ્યકત કરેલી ચિંતા વચ્ચે આજે વિરોધ પક્ષ મહાપાલિકામાં રજૂઆત કરવા દોડી આવ્યો હતો. રાજકોટમાં બ્યુટીફીકેશન હેઠળ આ પ્રથમ અને નવું આયોજન છે. જેની સામે ૨૦ વર્ષની ટ્રાફિક અને પાર્કિંગ સહિતની વિચારણા કરીને જ પ્લાનીંગ કરવામાં આવ્યાનો દાવો છે.

મહાપાલિકા દ્વારા વર્ષો પહેલા કોટેચા ચોકમાં એક સ્કાય વોક પ્રોજેકટનું આયોજન કરાયું હતું. જે વિરોધ બાદ પડતો મુકવામાં આવ્યો હતો. હવે કેકેવી ચોક બ્રીજ હેઠળ આત્મીય અને પરિમલ સ્કુલ સંકુલ નજીક બ્રીજ હેઠળના ભાગમાં ગેમ ઝોનનું કામ શરૂ થતા ટ્રાફિકથી ધમધમતા વિસ્તારમાં સમસ્યાઓ વધવાની ચિંતા વ્યકત કરવામાં આવી છે.

મુખ્ય રોડના વેપારીઓ, શાળા સંકુલો, વિદ્યાર્થી અને વાલી વર્ગમાં ઘણા સવાલો ઉઠયા છે. પરંતુ હાલ મનપા આ ગેમઝોનનું કામ પુરૂ કરવા મકકમ છે અને કોઇ સમસ્યા ઉભી નહીં થાય તે જવાબદારી પણ લે છે ત્યારે ભવિષ્યમાં આ પ્રોજેકટ લોકો માટે આનંદ પ્રમોદ જેવો બનશે કે ચિંતા જેવો તે સમય બતાવશે. પરંતુ હાલ તો ઘણા લોકો અને અમુક વેપારીઓના વિરોધ વચ્ચે આજે આ યોજનામાં રાજકારણ પણ ઘુસી ગયું છે.

આ જુદી જુદી રમત સુવિધા ચારે તરફ લોખંડની સેફટી ગ્રીલ સાથે બાળકો સહિત લોકો માટે ઉભી કરવામાં આવશે તેમ જાહેર કરાયું છે. વોર્ડ નં.૮માં કાલાવડ રોડ પર કેકેવી ચોકના મલ્ટીલેવલ બ્રીજ નીચે પરીમલ સ્કુલ સામે જુદી જુદી ચાર સ્પોર્ટસ સુવિધા ઉભી કરવા આયોજન કરાયું છે. બ્રીજ નીચેના ભાગમાં ઇન્ડોર ગેમ્સ બનાવવા ૩૬.૪૯ લાખના ખર્ચે આ સુવિધા ઉભી કરવામાં આવશે. ૧૪૧૦.૫ મીટરની સાઇઝમાં બંને તરફ ૧૮ ફુટ ઉંચી સેફટી ગ્રીલ બંધાશે.

૧૧૪ ચો.મીટરમાં પાથ-વે ઉભો કરવામાં આવશે. આ જ જગ્યા પાસે બોકસ ક્રિકેટ ૫૦.૮૨ લાખના ખર્ચે બનાવાશે. પીકલ બોલ સુવિધા માટે ૧૩.૫૨૨ના વિસ્તાર માટે પણ ચારે તરફ ૧૮ ફુટની સેફટી ગ્રીલ અને ૧૧૪ ચો.મીટરનો પાથ-વે બનાવવામાં આવશે. પીકલ બોલના કામ માટે ૭.૧૭ ટકા વધુ ભાવ આવતા ૫૮.૭૯ લાખમાં આ કામ થશે. જયારે સ્કેટીંગની સુવિધા માટે ૧૮૧૦.૫૦ની જગ્યામાં ગ્રીલ સાથે ૧૧૪ ચો.મી.માં પેવીંગ બ્લોક સહિતનું કામ કરવામાં આવશે. આ માટે ૪૨.૪૭ લાખનો ખર્ચ છે. આત્મીય કોલેજ તરફના ભાગમાં આવેલા બ્રીજના પીલર હેઠળ આ કામ શરૂ પણ થઇ ચુકયું છે. હવે આ આયોજન સામે વિરોધ શરૂ થયો છે. ઇજનેરોના દાવા મુજબ રોડ પરના ટ્રાફિકને કોઇપણ રીતે અડચણ ન થાય તે પ્રકારે આયોજન કરાયું છે. રાજય સરકાર દ્વારા અપાયેલી સૂચના મુજબ આ કામ ખુબ ઝડપથી પુરૂ કરવાનું છે. ટુંકી મુદ્દતમાં ટેન્ડર પ્રક્રિયા કરવામાં આવી છે અને જય એજન્સી, કેશવ ઇન્ફ્રાસ્ટ્રકચર પાસે વહીવટી મંજૂરી પહેલા કામ શરૂ કરી દેવાયું છે.

### સ્થાનિક સ્વરાજયની ચૂંટણી શાંતિપૂર્ણ વાતાવરણમાં યોજવા માટે વહીવટીતંત્ર સજ્જ

# રાજકોટ જિલ્લાના પાંચ નગરપાલિકા વિસ્તારમાં આચારસંહિતા લાગુ : બદલી પર પ્રતિબંધ

### માસ્ટર્સ ટ્રેનર્સ દ્વારા રીટર્નીંગ ઓફીસરોને તાલીમ : કલેકટર કચેરી ખાતેથી પાલિકા – તાલુકા પંચાયતોને મતદાર યાદીના ત્રણ – ત્રણ સેટ રવાના કરાયા

રાજકોટ,તા.૨૨

રાજય ચૂંટણી આયોગ દ્વારા સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓની ચૂંટણીનું જાહેરનામું પ્રસિદ્ધ થતાની સાથે જ રાજકોટ જિલ્લામાં જે પાંચ નગરપાલિકાની ચૂંટણી યોજાનાર છે તે ભાયાવદર, જસદણ, જેતપુર, ધોરાજી નગરપાલિકા વિસ્તારમાં આદર્શ આચાર સંહિતા લાગુ પડી જવા પામી છે.

તેની સાથોસાથ ઉપલેટા, જસદણ, જેતપુર અને ગોંડલ તાલુકા પંચાયતની અનુક્રમે ડૂમિયાણી, મોટીપાનેલી આંબરણી ભાડલા, પીઠડીયા, અને અને સુલતાનપુર બેઠકની પેટા ચૂંટણી જાહેર થયેલ છે.

તે બેઠક વિસ્તારમાં પણ આચાર સંહિતા લાગુ પડી જવા પામી છે.આદર્શ આચાર સહિંતા લાગુ થતા જ સરકારી અધિકારીઓ અને કર્મચારીઓની બદલી અને રજા પર પ્રતિબંધ મૂકી દેવામાં આવેલ છે.

જિલ્લામાં જયા ચુંટણી યોજાનાર છે તે નગરપાલિકા વિસ્તારમાં રાજકીય પક્ષોના હોદેદારો માટે સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓના વાહનો તેમજ સર્કીટ હાઉસના ઉપયોગ પર પ્રતિબંધ મૂકી દેવામાં આવેલ છે.

સ્થાનિક સ્વરાજયની ચૂંટણી સંદર્ભે ગઈકાલે કલેકટર કચેરી ખાતે કલેકટર પ્રભવ જોશીના અધ્યક્ષ સ્થાને આર.ઓ.(રીટર્નીંગ ઓફીસરા) તથા એ આર.ઓ.(આસી.રીટર્નીંગ ઓફીસરો)ની મળેલી બેઠકમાં રૂડાના અધિકારી અને માસ્ટર ટ્રેનર્સ મીયાણી દ્વારા રીટર્નીંગ ઓફીસરોને તાલીમ આપવામાં આવી હતી કલેકટર પ્રભવ જોશી દ્વારા આ તકે જરૂરી માર્ગદર્શન પુરુ પાડવામાં આવેલ હતું.

દરમિયાન જયા ચૂંટણી યોજાનાર છે તે રાજકોટ જિલ્લાની પાંચેય નગરપાલિકા અને ચાર તાલુકા પંચાયતની ૬ બેઠકોની મતદારયાદીના ત્રણ-ત્રણ સેટ નગરપાલિકા અને તાલુકા પંચાયતને મોકલી દેવામાં આવેલ છે.

અહીં એ ઉલ્લેખનીય છે કે, રાજય ચૂંટણી આયોગ દ્વારા નક્કી કરાયેલ તારીખ મુજબ તા. ૨૧ જાન્યુઆરી ચૂંટણીની જાહેરાતોની તારીખ, તા.૨૭ જાન્યુઆરી જાહેરનામું પ્રસિદ્ધ કરવાની તારીખ, તા.૧ ફેબ્રુઆરી ઉમેદવારી પત્રો ભરવાની છેલ્લી તારીખ, તા.૩ ફેબ્રુઆરી ઉમેદવારી પત્રોની ચકાસણીની તારીખ, તા.૪ ફેબ્રુઆરી ઉમેદવારી પાછી ખેંચી લેવા માટેની છેલ્લી તારીખ, તા.૧૬ ફેબ્રુઆરીએ સવારના સાત વાગ્યાથી સાંજના છ વાગ્યા સુધી મતદાનની તારીખ, તા.૧૭ ફેબ્રુઆરી જરૂર જણાય તો પુનઃ મતદાનની તારીખ, તા.૧૮ ફેબ્રુઆરી મત ગણતરીની તારીખ તથા તા.૨૧ ફેબ્રુઆરી ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ થવાની તારીખ જાહેર કરાઈ છે.

આ સંસ્થાઓના ચૂંટણી હેઠળના વિસ્તારોમાં આચારસંહિતાનું ચુસ્તપણે અમલ થાય તે માટે જે તે કચેરીઓને રાજય ચૂંટણી આયોગે આચારસંહિતા સંબંધે આદેશ જાહેર કરેલ છે.

## રાજકોટના રૈયારોડ પર ડીમોલીશન અટક્યું

### બાપા સીતારામ ચોક પાસે ULCની ફાજલ જમીન પર ખડકાયેલા દબાણો દૂર કરવા નોટિસ આપ્યા બાદ કોર્ટ મેટર થતા કામગીરી અટકી

રાજકોટઃ રાજકોટના રૈયારોડ ઉપર બાપાસીતારામ ચોક પાસે ULC ફાજલ પ્લોટ પર ગેરકાયદેસર ૧૯ જેટલા કાચા - પાકા મકાનોમાં રહેતા દબાણકર્તાઓ દ્વારા કોર્ટ કેસ કરવામાં આવતા વહિવટી તંત્ર દ્વારા ડીમોલિશન અટકાવી દેવું પડ્યું છે. ૧૨૦૦ વારમાં આવેલી રૂ. ૧૨ કરોડની જમીન ખૂલ્લી કરવા માટે પશ્ચિમ મામલતદાર દ્વારા નોટિસ ફટકારવામાં આવી હતી. ૧૮ મી જાન્યુઆરીએ ડિમોલિશનની તારીખ પણ નક્કી થઈ ગઈ હતી. જોકે કોર્ટે દબાણકર્તાઓને સાંભળવાની તક આપતા હવે ડીમોલિશન અટકી ગયું છે. ૨૮ મીએ બન્ને પક્ષોએ એડિશનલ ડિસ્ટ્રિક્ટ જજની કોર્ટમા હાજર થવાનું રહેશે. જોકે હાલ દબાણ હટાવ કામગીરી અટકાવી દેવી પડી છે.



દબાણકર્તાઓ દ્વારા એવી અરજી કરવામાં આવી છે કે, અમે જે જગ્યાએ રહીએ છીએ તે નિયમિત કરવા માટે અગાઉ અરજી કરવામાં આવેલી છે. તેમ છતાં પણ વહીવટી તંત્ર દ્વારા ત્યાં ગેરકાયદેસર રીતે ડિમોલિશન કરવા માટે નોટિસ ફટકારવામાં આવી છે. ગત ૧૮ જાન્યુઆરીના રોજ વહીવટી તંત્ર દ્વારા એટલે કે પશ્ચિમ મામલતદાર કચેરી દ્વારા આ જગ્યા ઉપર ડીમોલીશન કરવાનું હતું. પરંતુ દબાણ કરનારા કોર્ટમાં ગયા હોવાથી ડિમોલિશન અટકી ગયેલું છે અને હવે એડિશનલ ડિસ્ટ્રિક્ટ જજની કોર્ટમાં પશ્ચિમ મામલતદાર દ્વારા રિમાર્ક રજૂ કરવા માટે ૨૮મી જાન્યુઆરીની તારીખ આપવામાં આવી છે.

રાજકોટ પશ્ચિમ મામલતદાર અજીત જોશીના જણાવ્યા મુજબ, રૈયા સર્વે નંબર ૧૫૬ માં ૧૨૦૦ વાર ULC ફાજલ જગ્યામાં ૧૯ જેટલા કાચા - પાકા મકાનોનુ દબાણ છે. જેની અંદાજિત કિંમત રૂ. ૧૨ કરોડ જેટલી થાય છે. જેનું ડિમોલીશન ૧૮ મી જાન્યુઆરીએ કરવાનું હતું પરંતુ દબાણ કરનારા કોર્ટમાં ગયા હોવાથી હાલ પૂરતું ડિમોલિશન કરવામાં આવ્યું નથી. હવે ૨૮ મી એ એડિશનલ ડિસ્ટ્રિક્ટ જજની કોર્ટમાં આ જગ્યા ના તમામ આધાર પુરાવાઓ સાથે જવાનું છે. દબાણકર્તાઓનો એવો દાવો છે કે અમે અહીં ૨૫ વર્ષથી રહીએ છીએ અને લાઈટ બિલ ભરીએ છીએ તો આ કબજો નિયમિત કરી દેવામાં આવે અને અમારું બાંધકામ તોડવામાં ન આવે. જોકે જાણવા મળતી વિગત મુજબ સરકારનાં કાયદા મૂજબ વર્ષ ૧૯૯૯ ના પહેલાના જે યુએલસી ફાજલ થયેલા પ્લોટ છે તેવા બાંધકામોને નિયમિત કરવા પરંતુ તે બાદના યુએલસી ફાજલ પ્લોટ ઉપર થયેલા બાંધકામો નિયમિત ન કરવા જે મુજબ આ દબાણો ૧૯૯૯ બાદના હોવાથી ડીમોલીશન કરવાના થાય છે. જોકે હાલ કોર્ટનુ સમન્સ વહિવટી તંત્રને મળેલું છે જેથી હવે દબાણ હટાવ કામગીરી અટકી ગઈ છે.

## શાળા સલામતી સપ્તાહની ઉજવણીનો પ્રારંભ બાળકો અને શિક્ષકોને ફાયર અને પ્રાથમિક સારવાર વિશે તાલીમ અપાશે




રાજકોટઃ શાળા સલામતી સપ્તાહ ૨૦૨૫ અંતર્ગત રાજકોટ શહેરમા સરકારી પ્રાથમિક શાળાઓમા શાળા સલામતી સપ્તાહની ઉજવણી શરૂ કરવામા આવી છે. તથા ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટીમાંથી પ્રાથમિક સારવાર, સી.પી.આર. વિશે માહિતી તથા તાલીમ આપવામાં આવે છે.

૨૦-૦૧-૨૦૨૪ના રોજથી રાજકોટ મહાનગરપાલિકા હસ્તકની સરકારી પ્રાથમિક શાળાઓમાં શાળા સલામતી સપ્તાહની ઉજવણીનો પ્રારંભ કરવામાં આવેલ છે. આ ઉજવણી તા.૨૫-૦૧- ૨૦૨૫ સુધી ચાલુ રહેશે. જેમાં દરરોજ પાંચ શાળાઓમાં શાળાના બાળકો અને શિક્ષકોઓને અલગ-અલગ ફાયર અને પ્રાથમિક સારવાર વિશે તાલીમ આપવામાં આવશે.

# પાણીકાપ મૂકયા વગર ફિલ્ટર પ્લાન્ટની સફાઇ

## રૈયાધારના ૫૦ એમએલડીના પ્લાન્ટમાં જમા થયેલો સ્લજ સાફ કરાયોઃ કલેરીફાયર સ્વચ્છ કરાયા



રાજકોટ, તા. ૨૨

મહાનગરપાલિકાના વોટર મેનેજમેન્ટ યુનીટ-રૈયાધાર ઝોન (મીકેનીકલ) દ્વારા તાજેતરમાં ૫૦ એમ.એલ.ડી. ક્ષમતાના રૈયાધાર વોટર ફિલ્ટર પ્લાન્ટ ફેઝ-૨ના બન્ને કલેરીફાયરની સફાઈ કામગીરી હાથ ધરવામાં આવેલ હતી. જેનું આગોતરૂ આયોજન કરવામાં આવતા પાણીકાપ મૂકવો પડયો ન હતો.

આ કામગીરી દરમ્યાન શહેરની જાહેર જનતાને કોઈ અગવડ ન પડે તે આશયથી દૈનિક પાણી વિતરણ રાબેતા મુજબ ચાલુ રાખી, કોઇ પણ પ્રકારના શટડાઉન રાખ્યા વગર બન્ને કલેરીફાયરની સફાઈ કામગીરી કરવામાં આવેલ હતી.

આ કામગીરી અંતર્ગત કલેરીફાયરમાં જમા થયેલ સ્લજને સંપૂર્ણપણે દૂર કરી, સ્ક્રેપીંગ, બ્રશીંગથી કલેરીફાયર તથા તેની ઓવરફ્લો ચેનલ, ઇનલેટ ચેનલ, સેટલવોટર ચેનલ વિગેરેની સફાઈ કરી, બ્લીચીંગ સોલ્યુશનનો છંટકાવ કરવામાં આવ્યો હતો. ટાંકામાં જમા થયેલા ગાર સહિતના કચરાને સાફ કરવામાં આવ્યો છે.

આ કામગીરી એડી.સીટી એન્જીનીયર કે.પી.દેથરીયાના માર્ગદર્શન હેઠળ વી.એચ.ઉમટના સુપરવિઝનમાં, એ.એમ. કંઝારીયા, કેમીસ્ટ કે.કે.વ્યાસ, વર્ક.આસી. એચ.જી. ત્રિવેદી તથા લાલજીભાઇ સોજીત્રા સહિતની ટેકનીકલ ટીમ દ્વારા કરવામાં આવેલ હતી.

# અમરેલીના લેટરકાંડની તપાસમાં નિવેદનો પૂર્ણઃ હવે રિપોર્ટની રાહ




અમરેલી, તા. ૨૨

અમરેલી જિલ્લામાં ચકચારી બનેલા નકલી લેટરકાંડ મામલે અમરેલી પોલીસ સામે પાયલ ગોટીને માર મારવા તથા તેણીનું જાહેરમાં સરઘસ કાઢવાના મુદે પાયલ ગોટી દ્વારા પોલીસ સામે આક્ષેપ કરેલ હતા. જેના પગલે પાયલ ગોટીએ રાજ્ય પોલીસ વડાને કરેલ ફરિયાદના મુદે તપાસ કરવા માટે છેલ્લા બે દિવસથી ગુજરાત સ્ટેટ મોનીટરીંગ સેલના ડી.આઇ.જી. નિર્લિપ્ત રાય અમરેલી આવ્યા હતા.અત્રેના સર્કિટ હાઉસ ખાતે તપાસનો ધમધમાટ શરૂ કરેલ હતો. અને સતત બે દિવસ તપાસ બાદ એસ.એમ.સી.ની ટીમ તપાસ પુર્ણ કરી અમરેલીથી રવાના થઇ હતી. તપાસના બીજા દિવસે એસ.એમ.સીની ટીમ દ્વારા આ બનાવના જેલ હવાલે રહેલાં આરોપીનીની પણ પુછપરછ કરવામાં આવ્યાનું જાણવા મળેલ છે.

ગુજરાત સ્ટેટ મોનીટરીંગ સેલના ડી.આઇ.જી. નિર્લિપ્ત રાય અમરેલી આવ્યા બાદ અમરેલી પોલીસ સામે ફરિયાદ કરનાર પાયલ ગોટીનું નિવેદન અત્રેના સર્કિટ હાઉસ ખાતે નોંધાયું હતું. અને લાંબી પુછપરછ બાદ આ બનાવમાં લાગતા વળગતા પોલીસ કર્મીઓને પણ એક પછી એકના નિવેદન નોંધવામાં આવ્યા હતા.

ગઇકાલે બીજા દિવસે પણ આ કેસમાં લાગતા વળગતા લોકોને એક પછી એકને બોલાવી અને વધુ નિવેદન નોંધવાની કામગીરી આગળ ચાલી હતી. જ્યારે અમરેલી સહિત સમગ્ર ગુજરાતમાં ચકચારી બનેલા નકલી લેટરકાંડના મુખ્ય આરોપી હાલ જેલમાં રહેલાં આરોપીના નિવેદન લેવાં માટે જિલ્લા જેલ ખાતે પહોંચ્યા હતા. અને તેમના નિવેદન પણ નોંધ્યા હોવાનું સૂત્રોમાંથી જાણવા મળેલ છે.

ગુજરાત સ્ટેટ મોનીટરીંગ સેલના ડી.આઇ.જી. તથા સ્ટાફના લોકો તપાસ પુરી કરી અને અને એસ.એમ.સી.ની ટીમ અમરેલીથી રવાના થઇ હતી. આ તપાસનો રીપોર્ટ રાજ્યના પોલીસ વડાને સુપ્રત કરનાર હોવાનું જાણવા મળેલ છે. ત્યારે અમરેલીમાં છેલ્લા બે દિવસથી ભારે ચકચાર મચી જવા પામી હતી.

# રેવન્યુ તંત્રનું બુલડોઝર ફરી ધણધણ્યુંઃ રામપરા (બેટી)માં રૂા.૨ કરોડની સરકારી જમીન દબાણ મુક્ત કરાવાઇ

## જિલ્લા કલેક્ટરનાં આદેશનાં પગલે રાજકોટ – તાલુકા મામલતદારનું ડિમોલીશન



રાજકોટ, તા.૨૨

તાજેતરમાં જ રાજકોટ જિલ્લા કલેક્ટરે દરેક મામલતદારોને કરોડો રૂપિયાની સરકારી જમીન ઉપર ગેરકાયદેસર ખડકાઇ ગયેલા રહેણાંક અને કોમર્શિયલ દબાણો ધડાધડ હટાવી દેવા સુચના આપી છે.આ સુચનાને પગલે રાજકોટ શહેર અને જિલ્લામાં છેલ્લા કેટલાંક સમયથી મામલતદારો અને તેની ટીમો દ્વારા દબાણોનો સર્વે કરી અને નોટીસો ફટકારી ધડાધડ દબાણો દુર કરવામાં આવી રહ્યા છે.ત્યારે આજ રોજ રાજકોટ જિલ્લામાં કલેક્ટરની સુચના મુજબ વધુ એક ડિમોલીશન હાથ ધરવામાં આવેલ હતું અને રૂા.૨ કરોડની કિંમતની સરકારી જમીન ખુલ્લી કરાવી દેવાઇ હતી.

આ અંગેની રાજકોટ તાલુકા મામલતદાર કચેરીનાં સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વધુ વિગતો મુજબ રાજકોટ તાલુકાનાં રામપર (બેટી) ખાતે સરકારી જમીન ઉપર દબાણો થઇ ગયાનું સર્વે દરમ્યાન બહાર આવેલ હતું.

આથી જિલ્લા કલેક્ટરની સુચના મુજબ રામપરા (બેટી)નાં સરકારી ખરાબાનાં સર્વે નં. ૧૧૦ પૈકીની અંદાજીત બે હજાર ચો.મી. જેટલી જમીન ઉપર ગેરકાયદેસર ખડકાઇ ગયેલા હોટલ અને ગેરેજનાં દબાણ કર્તાઓને નોટીસો અપાઇ હતી.

છતાં નિયત સમયમાં દબાણો નહીં હટાવાતા કલેક્ટરનાં આદેશ મુજબ રાજકોટ તાલુકા મામલદાર અને તેની ટીમે દબાણ ઉપર બુલડોઝર ફેરવી દઇ રૂા. બે કરોડની જમીન દબાણ મુક્ત કરાવી હતી.

# સુરતમાં પોલીસ ભરતીની પરીક્ષામાં દોડતો યુવક ઢળી પડયોઃ હાર્ટએટેકથી મૃત્યુ

સુરત તા.૨૨

હાલમાં રાજ્યમાં પોલીસ ભરતીની માટે શારીરિક પરીક્ષા ચાલી રહી છે, ત્યારે કરૂણાજનક ઘટના બની છે. ૫ કિલોમીટરની દોડ લગાવી રહેલો યુવકને અચાનક હાર્ટ એટેક આવતાં ઢળી પડતાં તેને હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. જ્યાં હાજર ડોક્ટરોની ટીમે તેને મૃત જાહેર કર્યો હતો. યુવક વાલિયા જછઙ દળ જૂથ-૧૦માં પોલીસ કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવતો હોવાનું જાણવા મળ્યું છે.

પ્રાપ્ત માહિતી અનુસાર સુરતના વાવ ખાતે આજે સવારે એક કરુણ ઘટના સામે આવી છે. પોલીસ સબ ઈન્સપેક્ટર અને લોકરક્ષક કેડરની ભરતી પરીક્ષા દરમિયાન દોડ લગાવી રહેલા એક ઉમેદવારનું હાર્ટ એટેકથી મૃત્યુ થયું છે.

વાલીયા જછઙ દળ જૂથ-૧૦માં પોલીસ કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવતા સંજયકુમાર રસીકભાઈ ગામીત (ઉં.વ.૩૬) કજઈની ભરતી પરીક્ષામાં હાજર રહ્યા થયા હતા. આજે (બુધવારે) સવારે ૪૪૫ વાગે પ્રથમ બેચમાં ૫ કિલોમિટર દોડ શરૂ કરવામાં આવી હતી.

આ દરમિયાન યુવક બેભાન થઇને ઢળી પડતાં ફરજ પરના ડોકટરે તેને પ્રાથમિક સારવાર આપી હતી, પરંતુ હાલત ગંભીર જણાતા તેમને ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા, જેમાં હાજર ડોક્ટરોની ટીમે તેને મૃત જાહેર કર્યો હતો.

# રાજ્યમાં જંત્રીના ભાવ ઘટાડવા મુદ્દે સરકારને ૬૧% જેટલી અરજીઓ મળી, વાંધા સૂચનો પર ચર્ચા પછી નિર્ણયઃ રાજ્ય સરકાર



ઋષિકેશ પટેલ દ્વારા કેબિનેટ બેઠક મુદ્દે માહિતી આપવામાં આવી હતી જેમાં આવનાર રાજ્યના વર્ષ ૨૦૨૫-૨૬ના બજેટ મુદ્દે ચર્ચા થઈ હતી. જેમાં કુલ ૨૭ બેઠક થશે અને કામકાજના ૨૬ દિવસો રહેશે. ૨૦ નવેમ્બર ૨૦૨૪ના રોજ, જાહેર હિતમાં ઓનલાઇન ઓફલાઇન વાંધા અરજીઓ સ્વીકારવામાં આવી હતી. જેમાં શહેરમાંથી ૫૪૦૦ અને ગ્રામ્યમાંથી ૫૬૦૦ વાંધા અરજીઓ આવી છે. ૧૧,૦૪૬ અરજીઓ મળી છે જેમાં ૬૧% જેટલી અરજીઓ જંત્રીના રેટ ઘટાડવાની મળી છે.

જ્યારે જંત્રીના દર વધારે છે એવી ૧૭૫૩ અરજી કરવામાં આવી છે. એટલું જ નહીં જંત્રીના દર ઓછાથી વધારવાની પણ અરજીઓ પણ મળી છે. તમામ અરજીઓને કમિટી સલાહ સૂચન સાથે વિગતે રાજ્ય સરકારને મોકલશે. ત્યારબાદ આગામી દિવસોમાં જંત્રીને લઈને અંતિમ નિર્ણય લેવાશે. ઋષિકેશ પટેલે જણાવ્યું કે રાજ્ય સરકારને મળેલા વાંધા સૂચનો પર ચર્ચા કરીને પછી જંત્રી મુદ્દે નિર્ણય લેવામાં આવશે. તેમણે જણાવ્યું કે જિલ્લા લેવલે સ્ક્રૂટીની થયા બાદ આ અરજીઓ મળી છે. રાજ્ય કક્ષાએ આખરી થયેથી આની જાહેરાત કરવામાં આવશે.

ભાજપના ધારાસભ્ય અરવિંદ લડાની દ્વારા કરવામાં આવેલા આક્ષેપ જેમાં રાજકોટમાં મગફળી ખરીદીમાં ભ્રષ્ટાચાર મુદ્દે ઋષિકેશ પટેલે જણાવ્યું કે આ મુદ્દે ફરિયાદની ગ્રેવીટી જોયા બાદ કાર્યવાહી કરવામાં આવશે.

ખેડા અને બનાસકાંઠા જિલ્લામાં ચૂંટણી થવાની હતી જેમાં બનાસકાંઠા જિલ્લાનું નવસર્જન થતાં અને ખેડા જિલ્લા પંચાયતના નડિયાદ મહાનગરપાલિકામાં ૧૦ જેટલાં ગામો ભળી જતાં પુનગઠન થવાનું હોઈ ચૂંટણી જાહેર કરવામાં આવી નથી.

## ટેકાના ભાવે મગફળી ખરીદીમાં ભ્રષ્ટાચારના આરોપ, વિપક્ષે સરકાર પર ધોચા માછલા, ગરમાયું રાજકારણ

રાજ્યમાં ટેકાના ભાવે મગફળીની ખરીદીમાં ભ્રષ્ટાચાર થઈ રહ્યું હોવાના ભાજપના ધારાસભ્યએ આરોપ લગાવ્યા છે. જેમાં માણાવદરના ધારાસભ્ય અરવિંદ લાડાણીએ જૂનાગઢ જિલ્લામાં ટેકાના ભાવે મગફળીની ખરીદી અને પ્રક્રિયામાં ભ્રષ્ટાચાર થવાના ગુજકોમાસોલ (ગુજરાત સ્ટેટ કો-ઓપરેટીવ માર્કેટીંગ ફેડરેશન લિમિટેડ) પર આરોપ લગાવામાં આવ્યા છે. ભાજપના ધારાસભ્યના આક્ષેપ મામલે ગુજકોમાસોલના ચેરમેને પ્રતિક્રિયા આપી છે. જ્યારે ગુજકોમાસોલના એક કર્મચારીએ ધારાસભ્યના આક્ષેપને લઈને કોર્ટ સમક્ષ ૧ કરોડના માનહાનિનો દાવો કરવાનું કહીને તપાસ કરવા કહ્યું. રાજકોટમાં મગફળી ખરીદીમાં ભ્રષ્ટાચાર મુદ્દે ઋષિકેશ પટેલે જણાવ્યું કે, 'આ મુદ્દે ફરિયાદની ગ્રેવિટી જોયા બાદ કાર્યવાહી કરાશે.'



જૂનાગઢમાં ટેકાના ભાવે મગફળની ખરીદીમાં ભ્રષ્ટાચાર થતાં હોવાના આક્ષેપ કરતાં માણાવદરના ધારાસભ્ય અરવિંદ લાડાણીએ કહ્યું કે, 'બે નંબરની જે મંડળી છે, જે સંસ્થા ખરીદી કરે છે એ ક્યાંકને ક્યાંક ગુજકોમાસોલના ડિરેક્ટરના સગાવ્હાલાની મંડળી હોય. આ ગુજકોમાસોલના તમામ ચેનલના અધિકારીઓ જિલ્લાથી લઈને અમદાવાદ સુધીના તમામ કિન્નાખોરી રાખીને અને જૂનાગઢ જિલ્લામાં ભયંકર ભ્રષ્ટાચાર કરે છે. સમગ્ર મામલે ગુજકોમાસોલની ખરીદીને લઈને તપાસ કરવામાં આવે.'

સમગ્ર મામલે ભાજપના ધારાસભ્યના આરોપ સામે ગુજકોમાસોલના કર્મચારી નરેન્દ્રસિંહ પરમારે કહ્યું કે, 'અરવિંદ લાડાણીના આક્ષેપો સામે કોર્ટ સમક્ષ ૧ કરોડના માનહાનિનો દાવો કરાશે અને કેન્દ્ર પર ખરીદીને લઈને હું સંપૂર્ણ તપાસ કરાવીશ.' જ્યારે લાડાણીના ભ્રષ્ટાચારના આક્ષેપ સામે ગુજકોમાસોલના ચેરમેન દિલીપ સંઘાણીએ પ્રતિક્રિયા આપતાં કહ્યું કે, 'અમારા કર્મચારીના કોર્ટ સમક્ષ ૧ કરોડના દાવાની પરવાનગીને લઈને મેં મંજૂરી આપી છે. અત્યાર સુધીમાં એકપણ ફરિયાદ આ પ્રકારની આવી નથી. ગુજરાતમાં કોઈપણ પ્રકારની ગેરરીતિ હોય તો મને જાણ કરજો. ગમે તેટલા મોટા નેતૃત્વની મંડળી સંકળાયેલી હશે તો પણ અમે તરજ કાયદેસરની કાર્યવાહી કરીશું.

## પ્લાસ્ટિક વિરોધી ડ્રાઇવ સઘન બનાવાઇ વધુ ૨૬ કિલો માલ પકડતું કોર્પોરેશન તંત્ર



રાજકોટ, તા. ૨૨

મનપાની સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ શાખા દ્વારા ગઇકાલે ભાવનગર રોડ પરથી ૮૭૦ કિલો પ્રતિબંધિત પાન પીસ જપ્ત કરવામાં આવવા સાથે બે દિવસમાં વધુ ૨૬ કિલો માલ જપ્ત કરવામાં આવ્યો છે.

તા.૨૦ અને ૨૧ના રોજ ત્રણે ઝોનમાં ૯૯ આસામી પાસેથી છકડામાંથી કબ્જે થયેલ સહિત ૮૯૬ કિલો પ્લાસ્ટિક કબ્જે કરવામાં આવ્યું હતું. સેન્ટ્રલ ઝોનમાં ૩૯ આસામી પાસેથી ૭.૪ કિલો, વેસ્ટ ઝોનમાં ૩૦ આસામી પાસેથી ૪.૮૪ કિલો માલ જપ્ત થયો હતો.ઈસ્ટ ઝોનના જુદા જુદા વિસ્તારમાં ચેકીંગ ડ્રાઈવ કરીને ૩૦ આસામીઓ પાસેથી ૧૪ કિલોથી વધુ પ્લાસ્ટિક કબ્જે કરવામાં આવ્યું હતું. આ સાથે ત્રણે ઝોનમાંથી દંડ પણ લેવામાં આવ્યો હતો.

જાહેરમાં ગંદકી કરતા આસામીઓ પાસેથી રૂા. ૪૧૯૫૦નો ચાર્જ બે દિવસમાં વસુલ કરવામાં આવ્યાનું વિભાગે જણાવ્યું હતું. નવાગામના ગોડાઉનમાંથી રાજકોટમાં પ્લાસ્ટિક ઘુસાડવાની પ્રવૃતિ ગઇકાલે પકડાયા બાદ પર્યાવરણ ઇજનેર પ્રજેશ સોલંકીના માર્ગદર્શન હેઠળ ચેકીંગ ડ્રાઈવ સઘન બનાવવામાં આવી છે.

### તુવેરદાળમાં ૧૭૦ – ૧૮૦ના સ્તરે પહોંચેલો ભાવ હોલસેલમાં હવે ૧૩૦ – ૧૧૫

# કઠોળ સસ્તા થયા તુવેરદાળમાં ભાવ 30 ટકા નીચા આવી ગયા

### નવી આવકો તથા ડ્યુટી ફ્રી આયાતની મુદ્દત વધુ એક વર્ષ લંબાવાતા માનસ નબળુઃ મગ – ચણા – અડદના ભાવ પણ કિલોએ રૂા.૩ થી ૫ ઘટ્યા

રાજકોટ, તા.૨૨

મોંઘવારી સામેના ઉહાપોહ વચ્ચે હવે શાકભાજીથી માંડીને વિવિધ ખાદ્યચીજોના ભાવ નીચા આવતા સામાન્ય વર્ગને રાહત થવા લાગી છે. ખાસ કરીને તુવેરદાળના ભાવ ઉંચાસ્તરથી ૩૦ ટકાથી પણ વધુ ઘટી ગયા છે. મગ, ચણા, અડદ જેવા અન્ય કઠોળ પણ સસ્તા થયા છે.

મહત્વની વાત એ છે કે, એકાદ મહિનાથી કઠોળમાં મંદી છતાં સરકાર દ્વારા તુવેરમાં આયાત છુટ્ટ એક વર્ષ માટે લંબાવી છે એટલે ખેડૂતોમાં નારાજગી ઉભી થઇ શકે છે. અનાજ-કઠોળના વેપારીઓના કહેવા પ્રમાણે તમામ ચીજોમાં એકાદ માસથી ઘટાડો છે છતાં સૌથી વધુ ગાબડુ તુવેરમાં છે.

મહારાષ્ટ્ર-કર્ણાટક જેવા ઉત્પાદક રાજ્યોમાં સારુ ઉત્પાદન તથા નવા પાકના ખડકલા થવા લાગતા માનસ નબળુ જ હતું. આ સિવાય આયાતી માલના ઢગલા હોવાનું પણ એક કારણ હતું. માનસ મંદીનું હતું તેવા સમયે કેન્દ્ર સરકારે તુવેરની આયાત છુટ્ટ વધુ એક વર્ષ માટે લંબાવી દીધી છે એટલે માનસ વધુ નબળું પડ્યું છે.

તુવેરની આયાત છુટ્ટ માર્ચ-૨૦૦૬ સુધી લંબાવવાનું સરકાર સત્તાવાર જાહેર કર્યુ છે. ડ્યુટી ફ્રી આયાત હોવાથી ઘરઆંગણે નવી સીઝન ટાણે માલ બોજની સ્થિતિ ઉભી થઇ શકે છે. તુવેરના



ભાવ ન્યુનતમ સમર્થન મૂલ્ય (ટેકાના ભાવ) કરતા પણ નીચે ઉતરી ગયા છે. દેશમાં ચાલુ વર્ષે ૩૫.૦૨ લાખ ટન તુવેરનું ઉત્પાદન થવાનો અંદાજ છે જે ગત વર્ષે ૩૪.૧૭ લાખ ટન હતું.

વેપારીઓએ કહ્યું કે, માર્કેટયાર્ડોમાં તુવેરનો ભાવ ક્વીંટલનો ૭૫૦૦ થી ૮૦૦૦ બોલાય રહ્યા છે જે ત્રણ-ચાર માસ પૂર્વે ૧૨૦૦૦ સુધી પહોંચ્યા હતા. તુવેરદાળમાં પણ સમાન સ્થિતિ છે. હોલસેલ ભાવ ૧૧૫૦૦ થી ૧૨૫૦૦ થયો છે. જે ઉંચામાં ૧૭૦૦૦થી ૧૮૦૦૦ સુધી થયો હતો. ૩૦ ટકા જેવા ભાવ ઘટાડાથી વેપારીઓ પણ સ્તબ્ધ બન્યા છે. સારો પાક ઉપરાંત ડ્યુટી ફ્રી આયાતમાં મુદત વધારાથી માલના ઢગલા થયે રાખશે તેવી ગણતરીએ માનસ મંદીનું બની રહ્યું છે.

તુવેર ઉપરાંત મગ-અડદ-ચણા જેવા અન્ય તુવેરના ભાવમાં પણ ઘટાડો નોંધાયો છે. છેલ્લા એક મહિનામાં કિલોએ ૩ થી ૫ રૂપિયાનો ઘટાડો છે. માર્કેટ યાર્ડમાં ચણામાં હરરાજીના ભાવ ૬૦૦૦ થી ૬૧૦૦ હતા. જથ્થાબંધ માર્કેટમાં ૭૦૦૦ થી ૭૨૦૦ છે.

આ જ રીતે અડદના ભાવ યાર્ડમાં ક્વીંટલના ૮૪૦૦ થી ૮૫૦૦ તથા મગના ૮૦૦૦ થી ૮૨૦૦ રહ્યા છે. જથ્થાબંધ માર્કેટમાં મગદાળના ૯૨૦૦ થી ૯૮૦૦ તથા અડદદાળના ક્વીંટલના ૧૧૦૦૦ થી ૧૨૦૦૦ હતા.

# ગેમઝોન એક માસમાં તૈયારઃ કટારીયા ચોકડીએ તો જબરદસ્ત આયોજન

### ઈન્ડોર સંકુલ નથીઃ યાંત્રિક સાધનોવાળી કોઇ સ્પોર્ટસ એક્ટીવીટી થવાની નથીઃ ખાસ પાર્કિંગ, ફૂટપાથની જગ્યા હાલ પણ લોકો વાહન પાર્ક કરીને રોડ ક્રોસ કરે જ છે

રાજકોટ, તા. ૨૨

રાજકોટના કાલાવડ રોડ પર કેકેવી ચોકમાં જુદી જુદી રમત-ગમત પ્રવૃતિ માટે સ્પોર્ટસ સુવિધા ઉભી કરવાનું કામ શરૂ કરવામાં આવ્યું છે. તેની સામે એકાએક ઉઠેલા વિરોધ વચ્ચે મહાપાલિકાના ઇજનેરોએ નિષ્ણાંતો પાસે બનાવેલી ડિઝાઇનમાં સલામતીનો સંપૂર્ણ ખ્યાલ રાખવામાં આવ્યાનું જણાવ્યું છે. ઉપરાંત આ કોઇપણ પ્રકારનો ઇન્ડોર ગેમઝોન નથી, ઓપન જગ્યામાં સલામતી ખાતર ગ્રીલ કરીને થનારી રમત ગમત પ્રવૃતિ જ છે તેવું પણ સ્પષ્ટ કહ્યું છે. ઇજનેરોએ જણાવ્યું હતું કે, આ કામ ઝડપથી ચાલી રહ્યું છે. સલામતીના સંપૂર્ણ પાસા વિચારીને પાર્કિંગ, ટ્રાફિક સહિતના પાસા ચકાસવામાં આવ્યા છે. આ આયોજન પહેલા બ્રીજ હેઠળ વાહનો પાર્ક કરવામાં આવે છે.

વેપારીઓ કે ગ્રાહકો બ્રીજ હેઠળ

Rajkot Municipal Corporation

વાહન રાખીને જે તરફ કામ હોય તે તરફ રોડ ક્રોસ કરતા હોય છે. હવે આ સ્પોર્ટસ એક્ટીવીટી માટે અલગ જગ્યા બનાવાતા તેના માટે અલગ ખાસ પાર્કિંગની વ્યવસ્થા ફુટપાથ સાથે કરવામાં આવી છે. અત્યારે જે રીતે લોકો બ્રીજ હેઠળ પાર્કિંગમાં રહેલા વાહનો કાઢે છે તે જ રીતે વાહનો કાઢશે.

કેકેવી ચોક હેઠળના આ ગેમ ઝોનનું આ એક મહિનામાં પુરૂ થઇ જાય તેમ છે. ફેબ્રુઆરીના અંત સુધીમાં આ સ્પોર્ટસ સુવિધાનું કામ પુરૂ થાય અને તે બાદ તુરંત તેનું ઉદઘાટન થાય તેવી શકયતા છે. રાજકોટના રમત ગમત જગતમાં આ એક નવલુ નઝરાણુ બનવાનું છે. જે બન્યા બાદ લોકોને નવા વિચારનો સાચો ખ્યાલ આવશે.

સલામતી અંગે વધુમાં અધિકારીઓ કહે છે કે અહીં કોઇ મિકેનીકલ રાઇડસ જેવી ગેમ પ્રવૃતિ થવાની નથી. આથી માર્ગ-મકાન વિભાગના કોઇ પ્રમાણપત્રની જરૂર લાગતી નથી. ફાયર એનઓસી જરૂર લેવામાં આવ્યું છે.કેરમ, ચેસ, પીકલ બોલ, સ્કેટીંગ, બોકસ ક્રિકેટ જેવી જગ્યામાં વીજળી ઉપકરણોથી ચાલતી પ્રવૃતિ થવાની નથી. લાઇટીંગ માટે વીજ લાઇનનો ઉપયોગ થશે અને તે પણ સલામત રીતે. આ કોઇ ગેમ રમવા માટે વીજળીથી ચાલતા યંત્રોની જરૂર નથી. આથી જ આ કોઇ ગેમ ઝોન નથી પરંતુ રમત ગમત પ્રવૃતિની ઓપન સ્પેસ બની રહેવાની છે.

તેનાથી પણ આગળ વાત કરતા ઇજનેરો કહે છે કે આ રમત ગમત પ્રવૃતિનું આયોજન થોડુ ઝડપથી કરવામાં આવ્યું છે. છતાં સલામતીના તમામ ધોરણો નિષ્ણાંતો પાસે એક કરાવવામાં આવ્યા છે. હવે કટારીયા ચોક ખાતે બનનારા વિશાળ કેબલ બ્રીજ હેઠળ તો ખુબ મોટુ સ્પોર્ટસ સંકુલ, ફુડ ઝોન સહિતનું આયોજન કરવામાં આવ્યું છે. અમદાવાદ અને મુંબઇ જેવો પ્લાન બનાવવામાં આવ્યો છે. પુરતો સમય હોય આ જગ્યાએ તો બ્યુટીફીકેશન સાથેની રમત ગમત પ્રવૃત્તિ માણવા જેવી બનશે. આ માટેનું સંપૂર્ણ આયોજન બ્રીજ પ્રોજેકટમાં જ સામેલ કરવામાં આવ્યું છે.આ અંગે વેસ્ટ ઝોનના સીટી ઇજનેર કુંતેશ મહેતાનો સંપર્ક કરતા તેમણે કહ્યું હતું કે ટ્રાફિક, પાર્કિંગ, સલામતી સહિતના પાસા ધ્યાનમાં રાખીને જ સંપૂર્ણ કામ ચાલી રહ્યું છે. સંચાલનમાં પણ તમામ સલામત અને પારદર્શક શરતો રાખવામાં આવશે.

## વેરા વસુલાત ઝુંબેશમાં વધુ પાંચ મિલ્કત સીલ



રાજકોટઃ મનપા વેરા વસુલાત શાખાએ વેરા વસુલાત રિકવરી ઝુંબેશ દરમિયાન આજે વધુ પાંચ મિલ્કતોને સીલ સાથે રૂા.૨૮.૬૫ લાખની રીકવરી કરી છે. મનપા વેરા વસુલાત શાખાએ આજરોજ બાકી વેરાની વસુલાત દરમિયાન ૧૦ મિલ્કતોને સીલની કાર્યવાહી કરતા લાખો રૂપિયાની રીકવરી થઇ હતી સાથે ૧૫૦ ફુટ રીંગરોડ પર આવેલ ૧ યુનીટ, માધાપર મેઇન રોડ ૧-યુનીટ, જામનગર રોડ ૧-યુનીટ કાંતાશ્રી વિકાસ ગૃહ રોડ પર ૧-યુનીટ મોચીબજાર સિદ્ધિ વિનાયક કોમ્પ્લેક્ષ સેકધ્ડ ફ્લોર શોપ નં.૨૦૬ને સીલ કર્યુ હતું. પાંચ યુનિટોને નોટીસ સાથે બપોર સુધીમાં રૂા.૨૮.૬૫ લાખની રીકવરી કરી હતી. તા.૧-૪-૨૪થી આજ સુધીમાં ૩૪૦.૯૧ કરોડની રીકવરી થઇ છે.

સામના મિરર (દૈનિક) તંત્રી, મુદ્રક, પ્રકાશક અને માલિક : રાજેશ ઉદયકુમાર બગડાઈ
મુદ્રણ અને પ્રકાશન સ્થાન : સામના મિરર પ્રિન્ટર્સ, જય ભવાની, ચુનારાવાડ શેરી નં.૫, શાક માર્કેટ પાસે, રાજકોટ ૩૬૦૦૦૭

# વોકહાર્ટ હોસ્પિટલ્સ રાજકોટમાં અદ્યતન કેન્સર સારવાર માટે 'ઉર્જા' - અત્યાધુનિક લિનેક ટેકનોલોજીનો પ્રારંભ




રાજકોટ, તા. ૨૩ઃ રાજકોટ - એન.એમ. વિરાણી વોકહાર્ટ હોસ્પિટલ્સ ગર્વથી ''ઉર્જા'' ના લોન્ચની ઘોષણા કરે છે, જે એક અત્યાધુનિક લિનેક (લિનિયર એક્સિલરેટર) છે, જે રાજકોટ અને આસપાસના સૌરાષ્ટ્ર પ્રદેશ, જેમાં જૂનાગઢ, મોરબી, અમરેલી, સુરેન્દ્રનગર, ભાવનગર અને જામનગરનો સમાવેશ થાય છે - ત્યાંના લોકો માટે અત્યાધુનિક રેડિયેશન થેરાપી અને કોમ્પ્રિહેન્સિવ કેન્સર કેર લાવે છે.

''ઉર્જા'', અત્યાધુનિક લિનેક ટેકનોલોજી બ્રેસ્ટ, બ્રેઈન, કરોડરજ્જુ, માથા, ગરદન, ફેફસા, સ્ત્રીરોગ, ત્વચા, ગુદામાર્ગ, લીવર અને પ્રોસ્ટેટ કેન્સર સહિત વિવિધ પ્રકારના કેન્સર સામે લડતા દર્દીઓને રેડિયેશન થેરાપી પૂરી પાડશે.

વોકહાર્ટ હોસ્પિટલ્સ ગ્રુપના સીઈઓ ડો. પરાગ રિંદાણીએ જણાવ્યું હતું કે, ''આ રિવોલ્યુશનરી મશીન આ પ્રદેશમાં પ્રથમ છે, જે હેલ્ધી પેશીઓનું રક્ષણ કરતી વખતે અજોડ ચોકસાઈ સાથે ટ્યુમરને ચોક્કસ રેડિયેશન આપે છે. ''ઉર્જા'' એન.એમ. વિરાણી વોકહાર્ટ હોસ્પિટલ્સની સર્વાંગી કેન્સર સંભાળ પૂરી પાડવાની પ્રતિબદ્ધતાનું પ્રતિનિધિત્વ કરે છે, જે એક જગ્યાએ નીચે સર્જરી, રેડિયેશન થેરાપી, કીમોથેરાપી અને પ્લાસ્ટિક સર્જરી સહિતના અદ્યતન સારવાર વિકલ્પો પ્રદાન કરે છે. કેન્સર સામેની લડાઈમાં આશા અને પ્રગતિનું પ્રતીક, ''ઉર્જા'' ના લોન્ચનો સાક્ષી બનતા મને ખૂબ ગર્વ થાય છે. અમે કેન્સરના દર્દીઓનો સામનો કરતા પડકારોને સમજીએ છીએ, અને અમારું લક્ષ્ય નિદાનથી પુનઃપ્રાપ્તિ સુધીની તેમની યાત્રાને સરળ અને વધુ આશાસ્પદ બનાવવાનું છે.''

એન.એમ. વિરાણી વોકહાર્ટ હોસ્પિટલ્સ રાજકોટના કન્સલ્ટન્ટ રેડિયેશન ઓન્કોલોજિસ્ટ ડો. રાહુલ મિશ્રાએ જણાવ્યું હતું કે , આ અદ્યતન તબીબી ઉપકરણોના ઉદઘાટન સાથે, અમે રાજકોટમાં વિશ્વ કક્ષાની રેડિયેશન થેરાપી લાવી રહ્યા છીએ. અમારો ઉદ્દેશ્ય દર્દીઓને ગુજરાતમાં શ્રેષ્ઠ ટેકનોલોજી અને ઉચ્ચતમ ધોરણની સંભાળ પૂરી પાડવાનો છે. ઉર્જા ખાતે, અમે અમારા દરવાજામાંથી પસાર થતા દરેક દર્દીને આશા, ઉપચાર અને શ્રેષ્ઠ શક્ય પરિણામો પ્રદાન કરવા માટે સમર્પિત છીએ. ''ઉર્જા'' નામ ઊર્જા અને જીવનશક્તિનું પ્રતીક છે, જે કેન્સરના દર્દીઓને તેમના સ્વસ્થ થવાના માર્ગ પર જરૂરી શક્તિ અને સ્થિતિસ્થાપકતાને પ્રતિબિંબિત કરે છે. આ લોન્ચ ફક્ત નવીન ટેકનોલોજી વિશે જ નહીં પરંતુ કેન્સરનો સામનો કરી રહેલા વ્યક્તિઓના હિંમતનું સન્માન કરવા અને કરુણાપૂર્ણ સંભાળ, નવીન સારવાર અને વ્યક્તિગત ધ્યાન દ્વારા તેમના જીવનની ગુણવત્તા સુધારવા માટે પ્રતિબદ્ધ થવા વિશે પણ છે.

---

# રાજકોટ જીવનનગરમાં પ્રજાસતાક પર્વની શાનદાર ઉજવણી થશે

■ **તા. ૨૬મી રવિવાર રાષ્ટ્રીય એકતા રેલી, મશાલ સરઘસ, શૌર્ય ગીત, ધ્વજવંદન કાર્યક્રમ યોજાશે**



રાજકોટ : ભારત જન વિજ્ઞાન જાથાના સહયોગથી જીવનનગર વિકાસ સમિતિ, વોર્ડ નં. ૧૦ જાગૃત નાગરિક મંડળ, મહાદેવધામ સમિતિ અને મહિલા મંડળ ઉપક્રમે પ્રજાસતાક પર્વ નિમિત્તે મહાદવધામમાં ધ્વજવંદન સાથે રાષ્ટ્રીસય એકતા રેલી, મશાલ સરઘસ, શૌર્ય ગીત, વેશભૂષા સહિત અનેકવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. સમિતિ છેલ્લા ૪૩ વર્ષથી રાષ્ટ્રીય ત્યૌહારના આયોજનોમાં અગ્રેસર છે. જાથાના પ્રમુખ જયંત પંડયાએ જણાવ્યું કે જીવનનગરમાં સામાજિક, રાષ્ટ્રીય, સેવાકીય, સાંસ્કૃતિક ઉત્સવ અંતર્ગત કાર્યક્રમ યોજાય છે. ગુજરાતભરમાં સમિતિની પ્રવૃત્તિ અગ્રેસર છે. તા. ૨૬મી રવિવારે સવારે સાડા આઠ કલાકે મહાદેવધામ, ૪-જીવનનગરમાં દેશપ્રેમ-દેશદાઝ, રાષ્ટ્રીય પર્વ અન્વયે કાર્યક્રમો યોજનાર છે. રાષ્ટ્રીય એકતા રેલી માર્ગો ઉપર નીકળી દેશપ્રેમના સૂત્રોચ્ચાર કરશે. રહીશોના સંતાનો વેશભૂષા પરિધાન કરશે. સમિતિએ જનજાગૃતિ માટે મશાલ સરઘસમાં જ્યોત પ્રગટાવી મહિલાઓ આગેવાની લેવાના છે. ભારતીય તિરંગા સાથે બાળકો અગ્રેસર રહેશે.

કાર્યક્રમમાં શહેર ભા.જ.પ.ના હોદેદાર હરેશભાઈ કાનાણી, વિજયભાઈ પાડલીયા, વોર્ડ પ્રભારી ઝ્રુભાઈ ધોળકીયા, વોર્ડ પ્રમુખ જયેશભાઈ ચોવટીયા, પૂર્વ નગર સેવક પરેશભાઈ હુંબલ, અશ્વીનભાઈ ભોરાણીયા, નગર સેવકો નિરૂભા વાઘેલા, ચેતનભાઈ સુરેજા, ડો. રાજેશ્રીબેન ડોડીયા, જયોત્સનાબેન ટીલાળા, વોર્ડના પૂર્વ પ્રમુખ રજનીભાઈ ગોલ, મહામંત્રી મેહુલભાઈ નથવાણી, રત્નદિપસિંહ જાડેજા, ડો. આશિષ મકવાણા, દર્શિતભાઈ જોષી, નરેન્દ્રસિંહ જાડેજા હાજરી આપવાના છે.

અંતમાં જીવનનગર, જ્ઞાનજીવન, દેશળદેવપરા, અમી પાર્ક, બ્રહ્મસમાજ, તિરૂપતિ, સૌ.કલાકેન્દ્ર, રાવલનગર, શિવપરા, આસપાસના રહીશો ધ્વજવંદનમાં ભાગ લેવાના છે.

# ગીર સોમનાથના બ્લુ ફ્લેગશીપ સમાન અહેમદપુર માંડવી ખાતે 'બીચ ફેસ્ટીવલ'નું આયોજન

- **અહેમદપુર માંડવીના બીચ ખાતે તા.૨૪ જાન્યુ.થી ત્રિદોવ બીચ ફેસ્ટીવલ યોજાશે**
- **બીચ ઉપર દરરોજ રાત્રીના લાઈવ કોન્સર્ટ, લેઝર શો તો દિવસ દરમ્યાન વોટસ્પોર્ટ્સ, ફુડ સ્ટોલનું આયોજન કરાયુ**



અહેવાલ : રવિ ખખ્ખર, ગીર સોમનાથ

વેરાવળ, તા. ૨૩: ગોવા અને શિવરાજપુર બીચ જેવી દરીયાની મજા હવે ગીર સોમનાથ આવતા પ્રવાસીઓ પણ માણી શકશે. જેના માટે બ્લુ ફ્લેગશીપ સમાન જીલ્લાના અહેમદપુર માંડવી બીચ ખાતે ત્રિદિવસીય બીચ ફેસ્ટીવલનું આયોજન જીલ્લા વહીવટી તંત્ર અને પ્રવાસન વિભાગ દ્વારા કરવામાં આવ્યુ છે. આ ફેસ્ટીવલ દરમ્યાન બીચ ખાતે લાઈવ કોન્સર્ટ, લેઝર શો, આતશબાજી જેવા રંગારંગ કાર્યક્રમો યોજવાનું આયોજન કરાયેલ હોય સ્થાનીક લોકો અને પ્રવાસીઓએ બીચ ફેસ્ટીવલનો લ્હાવો લેવા તંત્રએ અપીલ કરી છે.

આ અંગે માહિતી પત્રકાર પરિષદમાં માહિતી આપતા જીલ્લા કલેક્ટર દિગ્વિજયસિંહ જાડેજાએ જણાવેલ કે, ગોવાના બીચ જેવો જલસો ગીર સોમનાથ આવતા પ્રવાસીઓ ઉઠાવી શકે તે માટે આગામી તા.૨૪ જાન્યુઆરીથી ત્રણ દિવસ સુધી જીલ્લાના અહેમદપુર માંડવીના દરીયા કિનારે બીચ ફેસ્ટીવલનું આયોજન કરાયેલ છે. રાજ્યના પ્રવાસન વિભાગ અને જિલ્લા વહીવટી તંત્ર ગીર સોમનાથ દ્વારા અહેમદપુર માંડવી બીચને પ્રવાસનના નવાં સ્થળ તરીકે વિકસાવવાના ભાગરૂપે તા.૨૪ થી ત્રણ દિવસ બીચ ફેસ્ટિવલ યોજવામાં આવશે. જેમાં લાઇવ કોન્સર્ટ, લેઝર શો, પ્રવાસીઓ માણી શકે તે માટે ફેસ્ટિવલ પૂર્વે તૈયારીઓનું નિરીક્ષણ કરવામાં આવ્યું છે. સંઘ પ્રદેશ દીવના ઘોઘલાને અડીને આવેલો ગુજરાતના ગીર સોમનાથનો અહેમદપુર માંડવી બીચ દેશ અને દુનિયાના પ્રવાસીઓમાં આકર્ષણું કેન્દ્ર બનવા જઈ રહ્યો છે. આ બીચની મુલાકાત કર્યા બાદ જીલ્લા વહીવટી તંત્રએ બીચને ડેવલપ કરવાનું બીડું ઝડપ્યું છે. જેથી રાજ્યના પ્રવાસન વિભાગ અને જિલ્લા વહીવટી તંત્ર દ્વારા આગામી તા.૨૪,૨૫ અને ૨૬ના રંગારંગ બીચ ફેસ્ટીવલ ઉજવણી કરવાનું નક્કી કરી તમામ તૈયારીઓ હાથ ધરવામાં આવી છે.

વધુમાં કલેક્ટર દિગ્વિજયસિંહ જાડેજાએ જણાવ્યા મુજબ અહેમદપુર માંડવી બીચ હાલ પ્રવાસીઓમાં સૌથી ઓછી ઓળખ ધરાવે છે પરંતુ અહીં પ્રવાસન ઉદ્યોગ અને દરિયાઇ પર્યટનને લઇ વિશાળ તકો ઉપલબ્ધ હોવાથી તંત્ર દ્વારા ત્રિદિવસીય ભવ્ય બીચ ફેસ્ટિવલ યોજાવાનો છે. જેમાં ખારવા સમાજ અને તેની સંસ્કૃતિ ઉજાગર થાય તે માટે પ્રથમ વખત બોટમાં સાંસ્કૃતિક ટેબ્લોની પરેડ, લાઇવ કોન્સર્ટ, લેઝર શો સહિત વિવિધ એક્ટિવિટી તથા ફૂડઝોનની મજા પ્રવાસીઓને માણી શકશે. અહેમદપુર માંડવી બીચ પ્રવાસીઓમાં નવી ઓળખ ઉભી કરે તે માટે અહીં ખાસ સૂર્યોદય જોવાના પોઇન્ટ છે. આ બીચ પર બહુ મોટી સંખ્યામાં ડોલ્ફિન માછલી પણ જોવા મળે છે. દરિયાઇ આધારિત વોટર સ્પોર્ટ્સ એક્ટિવિટીની અહીં સારી શક્યતા પણ જણાય છે. ત્રણ દિવસ યોજનારા બીચ ફેસ્ટિવલને કારણે ગીરનો અહેમદપુર માંડવી બીચ નવા પ્રવાસન સ્થળ તરીકે ઉભરી આવશે તથા પ્રવાસન ગતિવિધિને પણ વેગ મળશે.

**ત્રણ દિવસ દરમ્યાન અનેક કાર્યક્રમો યોજાશે**

બીચ ફેસ્ટિવલમાં મુખ્ય આકર્ષણ કેન્દ્ર તરીકે પ્રસિધ્ધ બોલીવુડ ગાયક કલાકારો દ્વારા લાઈવ કોન્સર્ટ, બોટ ટેબ્લો, બીચ ગેમ્સ, કેમલ રાઈડ, હોર્સ રાઈડ, ડોલ્ફીન વોચ, પરંપરાગત વાનગી આધારીત ફુડ સ્ટોલ, સાંસ્કૃતિક પરેડ કાર્યક્રમ તથા કાર્યક્રમના સમાપન દિવસે ભવ્ય આતશબાજી કાર્યક્રમ યોજાનાર છે. જેમાં તા.૨૪ ના રોજ સાંજે ૭ થી ૧૦ ઉદઘાટન તથા પ્રસિધ્ધ બોલીવુડ સીંગર અનુપ શંકર દ્વારા લાઈવ કોન્સર્ટ, તા.૨૫ ના સાંજના ૭ થી ૯ પ્રસિધ્ધ બોલીવુડ સીંગર્સ પવનદીપ દ્વારા લાઈવ કોન્સર્ટ અને બાદમાં ટેબ્લો પ્રદર્શન, તા.૨૬ ના સાંજે ૬ થી ૭ સાંસ્કૃતિક પરેડ, સાંજે ૭ થી ૯:૩૦ પ્રસિધ્ધ લોક સાહિત્યકાર રાજભા ગઢવી દ્વારા લોક સાંસ્કૃતિક કાર્યક્રમ, બાદમાં રાત્રીના ૧૦ વાગ્યે આતશબાજીનો રંગારંગ કાર્યક્રમ સાથે સમાપન થશે.

# રાજકોટમાં રઘુવંશી સમાજનો ૧૯મો ઓનલાઈન પરિચય મેળો યોજાશે

- **૧૬ ફેબ્રુઆરીએ ૩૦૦ ઉચ્ચ શિક્ષિત યુવક–યુવતીઓ ભાગ લેશે**

રાજકોટ, તા. ૨૩: રાજકોટમાં રઘુવંશી સમાજના ઉચ્ચ શિક્ષિત યુવક-યુવતીઓ માટે ૧૯મો ઓનલાઇન પરિચય મેળો આગામી ૧૬ ફેબ્રુઆરી ૨૦૨૫ના રોજ સાંજે ૫ વાગ્યે યોજાશે. મનુભાઈ મીરાણી સંચાલિત 'શ્રી રઘુવંશી વેવિશાળ માહિતી કેન્દ્ર' દ્વારા આયોજિત આ નિઃશુલ્ક કાર્યક્રમમાં સમગ્ર ભારતમાંથી લગભગ ૩૦૦ લગ્નોત્સુક યુવક-યુવતીઓ ભાગ લેશે.

છેલ્લા ૨૪ વર્ષથી લોહાણા સમાજના લગ્નોત્સુક યુવાનો માટે કાર્યરત આ કેન્દ્ર દર રવિવારે લોહાણા મહાજન વાડી, સાંગણવા ચોક, રાજકોટ ખાતે સેવાઓ આપે છે. આ પરિચય મેળામાં ભાગ લેવા ઈચ્છુક ઉમેદવારોએ ૧૦ ફેબ્રુઆરી ૨૦૨૫ સુધીમાં નિઃશુલ્ક રજિસ્ટ્રેશન કરાવવું ફરજિયાત છે. ઉંમરના મેચિંગ ગ્રુપ પ્રમાણે દરેક ઉમેદવારને વોટ્સએપ પર ડઉત્ર્ફ ફાઈલ મોકલવામાં આવશે. આ કાર્યક્રમનું આયોજન અખિલ સૌરાષ્ટ્ર-કચ્છ રઘુવીર સેના-રાજકોટ દ્વારા કરવામાં આવ્યું છે.

# 'તુમ્હારે અબુ આ ગયે'


## મોરબી રોડ વિસ્તારનો લુખ્ખો રહીશ સોશિયલ મીડિયામાં સ્ટેટસ મુકીને પોલીસને પડકારે છે પરંતુ પોલીસ લોકેશન લોકેશન રમે છે

■ **રહીશ ખાટકીને પોલીસ પકડી ન શકતાં યુવકને છરી ઝીંકી બીજો ગુનો આચર્યો**

રાજકોટ, તા. ૨૩ઃ રહીશ ખાટકીએ પોલીસને ચેલેન્જ કરતું સ્ટેટ્સ મુક્યું હતું. તા.૧૮ જાન્યુઆરીએ રણછોડનગરમાં વેપારીને છરીના ચાર ઘા માર્યા હતા તેના બે દિવસ બાદ તા.૨૦ના યુવતીના મામલે ફરી ડખો કર્યો.

રાજકોટ શહેરમાં પોલીસની કાર્યપધ્ધતિને લુખ્ખાઓ લલકારી રહ્યા છે, દરરોજ કોઇને કોઇ સ્થળે છરીઓ ઉડે છે, નિર્દોષ લોકો માથાભારે શખ્સોના આતંકનો ભોગ બની રહ્યા છે અને પોલીસ અધિકારીઓ રાજ્ય સરકાર અને ગૃહવિભાગને સબ સલામત હોવાના રિપોર્ટ કરીને ગેરમાર્ગે દોરી રહ્યા છે, શહેરના લાતી પ્લોટ વિસ્તારના લુખ્ખા રહીશ ખાટકીએ તા.૧૮ના ઉપલાકાંઠા વિસ્તારના રણછોડનગરમાં રહેતા વેપારી પરેશભાઇ ચંદ્રકાંતભાઇ બાબિયા (ઉ.વ.૩૯)ને તા.૧૮ના નજીવી બાબતે છરીના ચાર ઘા ઝીંકી દીધા હતા.

હુમલામાં ગંભીર રીતે ઘવાયેલા પરેશભાઇ બાબિયા આજે પણ હોસ્પિટલમાં દાખલ છે, હુમલાની ઘટના અંગે બી.ડિવિઝન પોલીસ સ્ટેશનમાં બે અજાણ્યા વાહનચાલક સામે ગુનો નોંધવામાં આવ્યો હતો, પરેશભાઇ પર હુમલો કર્યા બાદ રહીશ ખાટકીએ પોતાના ઇન્સ્ટાગ્રામ એકાઉન્ટના સ્ટેટસમાં પોતાના સામે થયેલી એફઆઇઆરનો ફોટો અપલોડ કર્યો હતો. એટલું જ નહીં, એ એફઆઇઆરના સ્ટેટસમાં એવું પણ લખ્યું હતું કે, 'તુમ્હારે અબુ આ ગયે', 'આને વાલે તુફાન' અને 'રહીશ ખાટકી-૩૦૭'. પરેશભાઇ પર હુમલો કરનાર બાઇકચાલક બે શખ્સો ઝડપાયા? તેવું પૂછતાં આ પ્રકરણની તપાસ ચલાવી રહેલા બી.ડિવિઝનના પીએસઆઇ પરમારે કહ્યું હતું કે, હુમલાખોરની ઓળખ થઇ ગઇ છે, તેનું નામ રહીશ ખાટકી છે, તેની શોધખોળ ચાલી રહી છે.




લાતી પ્લોટ વિસ્તારનો લુખ્ખો રહીશ ખાટકી સરાજાહેરા છરીના ચાર ઘા ઝીંકીને નાસી ગયો હતો. ચાર દિવસ વીતી ગયા છતાં પોલીસને તે હાથ આવતો નથી, બીજીબાજુ રહીશ ખાટકીએ વેપારી પરેશભાઇને છરી માર્યા બાદ ઇન્સ્ટાગ્રામમાં સ્ટેટસમાં એફઆઇઆરની કોપી મુકી પરંતુ પોલીસ તેને શોધવામાં ટૂંકી પડી રહી છે. સોશિયલ મીડિયાના માધ્યમથી રહીશે પડકાર ફેંક્યો છતાં પોલીસ ઠંડીમાં સૂતી જ રહી અને પોલીસની આ નીતિનો રહીશે ફરી મોકો ઉઠાવ્યો અને તા.૨૦ની રાત્રીના રેલનગર મેસુરભગત ચોક પાસે રવેચી ટી સ્ટોલની પાછળ ચુનારાવાડના અજય ઉર્ફે અજુ સંજય સોલંકી (ઉ.વ.૨૦)ને રહીશ ખાટકી ઉર્ફે અબુ મહમદ ભાડુલાએ છરીના ઘા ઝીંક્યા હતા. આ અંગે અજય સોલંકીએ ગાંધીગ્રામ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. બી.ડિવિઝન અને ગાંધીગ્રામ પોલીસ રહીશને શોધી રહી છે, આરોપીનું લોકેશન મેળવી રહ્યા છીએ તેવા જવાબ તપાસનીશ અધિકારીઓ આપી રહ્યા છે, પરંતુ ચિત્ર એવું ઉપસી રહ્યું છે કે, પોલીસનો પન્નો ટૂંકો પડી રહ્યો છે, રહીશ અન્ય કેટલાક નિર્દોષ લોકોને મારકૂટ કરે તે પહેલા પોલીસ તેને પકડી શકશે કે હજુ પણ રહીશ ગુનાને અંજામ આપતો રહેશે તે આગામી દિવસોમાં નક્કી થઇ જશે.

# મામલતદારનું ઓપરેશનઃ બુટભવાની હોટેલ-ગેરેજનું પાંચ વર્ષ જૂનું દબાણ દૂર કરાયું, ૨ કરોડની જમીન ખુલ્લી

રાજકોટ, તા. ૨૩ઃ રાજકોટ જિલ્લા કલેક્ટર પ્રભવ જોશીના આદેશના પગલે તાલુકા વિસ્તારોમાં દબાણ હટાવ ઝુંબેશ જોરશોરથી ચાલી રહી છે અને તેના ભાગરૂપે રાજકોટ તાલુકાના રામપરા(બેટી) ગામે સરવે નં.૧૧૦ની સરકારી ખરાબાની જમીન પર ઓપરેશન હાથ ધરી હોટેલ અને ગેરેજના દબાણો દૂર કર્યા હતા અને રૂ.૨ કરોડની સરકારી જમીન ખુલ્લી કરાવી હતી. રાજકોટ તાલુકા મામલતદાર કચેરીના સૂત્રોએ જણાવ્યા અનુસાર રામપરા (બેટી) ખાતે સરવે નં.૧૧૦ પૈકીની અંદાજિત રૂ.૨ કરોડની



કિંમતની ૨૦૦૦ ચો.મી. સરકારી જમીનમાં છેલ્લા પાંચથી છ વર્ષથી બુટભવાની હોટેલ અને ગેરેજનું દબાણ હોવાની હકીકત ધ્યાનમાં આવી હતી. મોકાની કિંમતી જમીનમાં ગેરેજવાળા દ્વારા ટ્રેક્ટર અને ડમ્પર રિપેરિંગનું કામ કરાતું હોય અને હોટેલ ચાલુ હોય બન્ને દબાણકારોને નોટિસ આપ્યા બાદ એક મહિના પહેલાં દબાણ સાબિત થતા કલમ-૨૦૨ મુજબની સ્વેચ્છાએ દબાણ દૂર કરવા અલ્ટિમેટમ આપતી નોટિસ અપાઇ હતી. છતાં દબાણ દૂર ન થતા ડિમોલિશનની કાર્યવાહી હાથધરવામાં આવી હતી.

# ફાધરે વિદ્યાર્થીને પાંચ ફડાકા ઝીંકી દીધા, CCTV વાઈરલ

**■ રાજકોટના જેતપુરની સેન્ટ ફ્રાન્સિસ સ્કૂલનો વીડિયો વાઈરલ, શિક્ષણ વિભાગે તપાસનો આદેશ આપ્યો**



રાજકોટ, તા. ૨૩: રાજકોટના જેતપુરની સેન્ટ ફ્રાન્સિસ સ્કૂલમાં અભ્યાસ કરતા એક વિદ્યાર્થીને ફાધર માર મારતા હોવાનો એક વીડિયો સોશિયલ મીડિયામાં વાઈરલ થતાં રાજકોટ જિલ્લા શિક્ષણાધિકારી દ્વારા તપાસનો આદેશ આપવામાં આવ્યો છે. સ્કૂલની લોબીમાં આવી રહેલા વિદ્યાર્થીને કોઈ કારણોસર ફાધરે પાંચ ફડાકા ઝીંકી દીધા હતા.

રાજકોટના જેતપુરની સેન્ટ ફ્રાન્સિસ સ્કૂલનો બનાવ

મળતી માહિતી મુજબ, જેતપુરની ગ્રાન્ટેડ સેન્ટ ફ્રાન્સિસ સ્કૂલમાં જ સ્કૂલના જ ફાધર દ્વારા એક વિદ્યાર્થીને માર મારવામાં આવતો હોવાના સીસીટીવી સામે આવ્યા છે. આ સીસીટીવીમાં દેખાઈ રહ્યું છે કે સ્કૂલનો સમય શરૂ થયા બાદ સવારે તમામ વિદ્યાર્થીઓ ક્લાસમાં જતા હોય છે, એવામાં લોબીમાં જતા એક વિદ્યાર્થી ઉપર આ જ સ્કૂલના ફાધર તૂટી પડે છે અને તેને પથી ૬ લાફા મારી દે છે. એને કારણે આસપાસના વિદ્યાર્થીઓ અને શિક્ષકો પણ ત્યાં એકઠા થઈ જાય છે. જોકે વિદ્યાર્થીને કયા કારણથી લાફા મારવામાં આવ્યા એ હજુ સુધી સામે આવ્યું નથી.

**ઈન્ચાર્જ DEOએ તપાસનો આદેશ આપ્યો**

આ અંગે રાજકોટના ઈન્ચાર્જ જિલ્લા શિક્ષણ અધિકારી કિરીટસિંહ પરમારનો સંપર્ક કરવામાં આવતાં તેમણે જણાવ્યું હતું કે જેતપુરની સેન્ટ ફ્રાન્સિસ ગ્રાન્ટેડ સ્કૂલમાં ફાધર દ્વારા કોઈ વિદ્યાર્થીને માર મારવામાં આવતો હોવાના સીસીટીવી મને મીડિયાના માધ્યમથી મળ્યા છે, જેથી આ ઘટના અંગે એજ્યુકેશન ઈન્સ્પેક્ટરને તપાસ આપવામાં આવી છે, જોકે આ ઘટના એક અઠવાડિયા પહેલાંની એટલે કે ૧૬ જાન્યુઆરીની હોવાનું જાણવા મળ્યું છે. આ વિદ્યાર્થી કોણ હતો? કયા ધોરણમાં અભ્યાસ કરતો હતો ? અને ફાધર દ્વારા શા માટે માર મારવામાં આવ્યો એ અંગે તપાસ બાદ જ ખ્યાલ આવશે. એક અઠવાડિયા બાદ પણ આ ઘટનામાં હજુ સુધી મને વાલીની ફરિયાદ મળી નથી.

# રામપર બેટી ગામમાં ૨૦૦૦ ચોરસ મીટર જમીન પર ખડકાયેલુ દબાણ હટાવી ૨ કરોડની સરકારી જમીન ખૂલ્લી કરાવાઈ



રાજકોટ, તા. ૨૩: રાજકોટ શહેર અને જિલ્લામાં વર્ષ ૨૦૨૫ની શરૂઆતથી જ વહીવટી તંત્ર દ્વારા ગેરકાયદેસર બાંધકામો સામે લાલ આંખ કરવામાં આવી હોય એમ ડિમોલિશન થઈ રહ્યું છે એવામાં રાજકોટ જિલ્લાના રામપર બેટી ગામે ૨૦૦૦ ચો. મી. જેટલી જગ્યા ઉપર દબાણ ખડકી દેવામાં આવ્યા હતા. જે અંગે વહીવટી તંત્ર દ્વારા સૌપ્રથમ નોટિસ આપવામાં આવી હતી. જોકે, સરકારી ખરાબા ઉપરનું આ બાંધકામ ગેરકાયદેસર હોવા છતાં પણ દબાણકર્તાઓ દ્વારા હટાવવામાં આવ્યુ ન હતુ. જેથી, આજે તાલુકા મામલતદારની ટીમ દ્વારા પોલીસને સાથે રાખી દબાણ હટાવવામાં આવ્યું હતું અને તેને કારણે અંદાજે ૨ કરોડની સરકારી જમીન ખુલ્લી થઈ શકી હતી.

રાજકોટ જિલ્લા કલેક્ટરે દરેક મામલતદારોને કરોડો રૂપિયાની સરકારી જમીન પર ગેરકાયદેસર ખડકાઇ ગયેલા રહેણાંક અને કોમર્શિયલ દબાણો એક પછી એક દૂર કરવામાં આવી રહ્યા છે. જેને પગલે રાજકોટ શહેર અને જિલ્લામાં છેલ્લા કેટલાંક સમયથી મામલતદારો અને તેની ટીમો દ્વારા દબાણોનો સર્વે કરી અને નોટિસો ફટકારી બુલડોઝર ફેરવી દબાણો હટાવવામા આવી રહ્યા છે એવામાં આજે રાજકોટ જિલ્લામાં કલેક્ટરની સૂચના મુજબ રામપર બેટી ગામમાં ડિમોલીશન હાથ ધરી ૨ કરોડની કિંમતની સરકારી જમીન ખુલ્લી કરાવી દેવામા આવી હતી. અહીં હવે ફેન્સીંગ બાંધવામાં આવશે કે, જેથી કરીને નવેસરથી અહીં દબાણ ન થઈ જાય.

આ અંગેની રાજકોટ તાલુકા મામલતદાર કચેરીમાંથી પ્રાપ્ત થતી વધુ વિગતો મુજબ રાજકોટ તાલુકાનાં રામપર (બેટી) ખાતે સરકારી જમીન પર દબાણો થઇ ગયાનું સર્વે દરમિયાન બહાર આવ્યું હતું. આથી, જિલ્લા કલેક્ટરની સુચના મુજબ રામપરા (બેટી)નાં સરકારી ખરાબાનાં સર્વે નં. ૧૧૦ પૈકીની અંદાજીત ૨૦૦૦ ચો.મી. જેટલી જમીન ઉપર ગેરકાયદેસર ખડકાઇ ગયેલા હોટલ અને ગેરેજનાં દબાણકર્તાઓને નોટિસો અપાઇ હતી તેમછતાં નિયત સમયમાં દબાણો નહીં હટાવાતા કલેક્ટરનાં આદેશ મુજબ રાજકોટ તાલુકા મામલદાર અને તેની ટીમે દબાણ પર બુલડોઝર ફેરવી દઇ ૨ કરોડની જમીન દબાણ મુક્ત કરાવી હતી.

# રાજકોટમાં લેન્ડ ગ્રેબિંગની બેઠકમાં ૬૩ કેસોનું હિયરિંગ કરાયું

- **રાજ્ય સરકારની પક્ષકારોને હાજર રાખવાની નવી ગાઈડલાઈન મુજબ ૨૦૨૫ની પ્રથમ મિટિંગ, ૫ કેસમાં FIR થવાની શક્યતા**



રાજકોટ, તા. ૨૩ઃ રાજ્ય સરકારની નવી ગાઇડલાઇન મુજબ રાજકોટમાં ૨૦૨૫ની આજે પ્રથમ લેન્ડ ગ્રેબિંગ કમિટીની બેઠક કલેકટર પ્રભવ જોષીના અધ્યક્ષસ્થાને મળી હતી. જેમાં ૬૩ કેસો અંગે સુનાવણી હાથ ધરાઇ હતી. નવી ગાઇડલાઇનમાં પક્ષકારોને બોલાવવા અંગે સૂચના હોવાથી કલેકટરે ૨ ડઝન પક્ષકારોને નોટીસો પાઠવી હતી. તે તમામ કલેકટર કચેરી ખાતે આવી પહોંચ્યા હતા. જે-તે કેસમાં એક પછી એક ફરિયાદીઓ અને સામેવાળાને બોલાવી, જમીન-પ્લોટ તેમજ લાગુ પડતી બાબતો અંગે સુનાવણી હાથ ધરવામાં આવી હતી. જોકે, સુનાવણી બાદ ૬૩માંથી ૫ કેસમાં ફોજદારી કેસ થાય એવી શકયતા રહેલી છે.

**કલેકટરે ૨ ડઝન પક્ષકારોને રુબરુ બોલાવ્યા**

રાજકોટ જિલ્લા કલેકટર કચેરી ખાતે આજે રાજ્ય સરકારની નવી માર્ગદર્શિકા મુજબ લેન્ડગ્રેબિંગ કમિટીની બેઠક કલેકટરના અધ્યક્ષસ્થાને મળી હતી, જેમાં ૬૨ કેસની સુનાવણી કરવામાં આવી હતી. જેમાં ૨ ડઝન જેટલા પક્ષકારોને આ બેઠકમાં રૂબરૂ સાંભળવામાં આવેલ હતાં. અહીં એ ઉલ્લેખનીય છે કે, કલેકટર કચેરી ખાતે લાંબા સમય બાદ લેન્ડગ્રેબિંગની આ બેઠક મળી હતી. જેમાં કમીટીની તમામ સદસ્યોએ રૂબરૂ હાજરી આપી હતી.

અહીં એ ઉલ્લેખનીય છે કે, લેન્ડગ્રેબિંગની બેઠકમાં અરજદારોને પૂરતો ન્યાય મળી રહે તે માટે રાજ્ય સરકાર દ્વારા હાઈકોર્ટના આદેશ મુજબ ખાસ ગાઈડલાઈન અમલી બનાવી છે. જે મુજબ આજની આ બેઠકમાં કલેકટર તંત્ર દ્વારા પ્રથમવાર ૨૪ જેટલા પક્ષકારોને નોટિસ આપી રૂબરૂ બોલાવી સાંભળવામાં આવ્યા હતા. રાજ્ય સરકારે જાહેર કરેલી લેન્ડગ્રેબિંગ કમિટીની નવી માર્ગદર્શિકા મુજબ બેઠકમાં કમિટી મેમ્બરો માટે હાજર રહેવુ ફરજીયાત કરવામાં આવેલ છે તેમજ લેન્ડગ્રેબીંગ સેકશન માટે કર્મચારીઓના અલગથી મહેકમની જોગવાઈ કરવા પણ જણાવેલ છે.

# પરાપીપળિયામાં સૂચિત કરાયેલી નગર યોજના નં. ૭૬માં સુધારો : રહેણાક અને ઇન્ડસ્ટ્રિયલ બે ઝોનમાં TP સ્કીમ વિભાજિત કરાઇ

- **વાજડીગઢ માટે ટીપીની દરખાસ્ત વહીવટી કારણોસર પેન્ડિંગ રખાઇ, હોર્ડિંગ-બોર્ડ માટે નવી નીતિ નક્કી કરાઇ**

રાજકોટ, તા. ૨૩ઃ રાજકોટ શહેરી વિકાસ સત્તામંડળની ૧૭૫મી બોર્ડ બેઠક ચેરમેન તુષાર સુમેરાના અધ્યક્ષસ્થાને બુધવારે યોજાઇ હતી. આ બેઠકમાં પરાપીપળિયાની ૩૫૦ હેક્ટરની ટી.પી.ને વિભાજિત કરીને નવી બે ટી.પી.સ્કીમની હદમાં સુધારો કરી નવી હદ નક્કી કરવાની દરખાસ્ત મંજૂર કરવામાં આવી હતી. જ્યારે આશ્ચર્ય વચ્ચે નવી વાજડીગઢની ટી.પી.સ્કીમને પરામર્શ આપીને સરકારમાં મોકલવાની દરખાસ્ત વહીવટી કારણોસર પેન્ડિંગ રાખી દેવામાં આવી હતી. આ ઉપરાંત ખુલ્લી અને પેક જમીનોનો સરવે કરવાની દરખાસ્ત પણ પેન્ડિંગ રખાઈ છે.

ચેરમેન તુષાર સુમેરાના અધ્યક્ષસ્થાને યોજાયેલી બેઠકમાં સૂચિત કરાયેલી નગર યોજના નં.૭૬ની નક્કી થયેલી હદમાં સુધારો કરી નવી કુલ ૨ સૂચિત નગર રચના યોજના નં.૭૬/૧(પરાપીપળિયા) જેનું ક્ષેત્રફળ ૯૧.૫૦ હેક્ટર અને ૭૬/૨ (પરાપીપળિયા) જેનું ક્ષેત્રફળ ૧૦૦.૬૭ હેક્ટરની હદ નક્કી કરવાની દરખાસ્ત મંજૂર કરવામાં આવી હતી. રૂડાના સત્તાવાર સૂત્રોએ જણાવ્યા અનુસાર સૂચિત નગર રચના યોજના નં.૭૬ ૩૫૦ હેક્ટરની હતી. જેમાં રાજ્ય સરકારે વધુમાં વધુ ૧૫૦ હેક્ટરની ટી.પી. હોવી જોઇએ તેવી માર્ગદર્શિકા મુજબ પરાપીપળિયાની ટી.પી.ને ત્રણ વિભાગમાં વિભાજિત કરવામાં આવી છે. રૂડાએ ટી.પી.વિભાજિત કરી રહેણાક અને ઇન્ડસ્ટ્રિયલ ઝોન બનાવ્યો છે.

આ ઉપરાંત જામનગર રોડ પર પરાપીપળિયામાં ટી.પી.સ્કીમ વિસ્તારમાં રૂડા દ્વારા વિકાસના નવા આયોજનો ટૂંક સમયમાં હાથ પર લેવાનો નિર્ણય કરાયો છે. રૂડા વિસ્તારમાં ભવિષ્યમાં સૂચિત નગર રચના યોજના બનાવવા અને દ્વિતીય પુનરાવર્તિત વિકાસ યોજના બનાવવા માટે ટી.પી./ડી.પી., સેલ/સરવે યુનિટમાં હંગામી ધોરણે આઉટ સોર્સના સ્ટાફને નિમણૂક કરવાની દરખાસ્ત પણ મંજૂર કરવામાં આવી છે. તેમજ કુવાડવા ગામે કુવાડવા-સરધાર સ્ટેટ હાઇવેને જોડતા ૩૦.૦ મી. ડી.પી. રસ્તાના બાંધકામને મંજૂરી આપતો ઠરાવ કરાયો છે.

તેમજ હોર્ડિંગ્સ બોર્ડ અને કોમ્યુનિકેશન ટાવર લગાવવા નીતિ અમલમાં આવી હતી જેના નવા ભાવો બોર્ડ દ્વારા મંજૂર કરવામાં આવ્યા છે. જેમાં રૂડા વિસ્તારની ખાનગી સાઇટની ફીમાં ઘટાડો કરી રૂડાએ પોતાની સાઇટની ફી ડબલ કરી છે. આથી ફાયદા અને ગેરફાયદા અંગે પણ પ્રશ્નો ઉઠવાની શક્યતા રહેલી છે. રૂડાના ચેરમેન તુષાર સુમેરાએ જણાવ્યું હતું કે, ટાઉન પ્લાનિંગના કામ માટે એક અલગ સેલ ઊભું કરવા માટેનો નિર્ણય લેવાયો છે.

**પરાપીપળિયામાં હવે ૧૫૮ હેક્ટરનો ગ્રીન ઝોન**

રૂડા દ્વારા બોર્ડ બેઠકમાં સૂચિત કરાયેલી નગર યોજના નં.૭૬ ૩૫૦ હેક્ટરને ૧૫૦ હેક્ટરથી ઓછામાં વિભાજિત કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી જે મુજબ તેને કુલ ૩ વિભાગમાં વિભાજિત કરાઇ હતી. જેમાં ટી.પી.સ્કીમ નં.૭૬/૧ રહેણાક ઝોન જાહેર કરી તેના માટે ૯૧.૫૦ હેક્ટરનું ક્ષેત્રફળ નક્કી કરાયું છે. જ્યારે ટી.પી.સ્કીમ નં.૭૬/૨ને ૧૦૦.૬૭ હેક્ટર ક્ષેત્રફળ નક્કી કરાયું છે.

# રાજકોટમાં પિતાએ પરણિત દીકરીના પ્રેમીની હત્યા કરી

## ઉપલેટાથી પ્રેમિકાને મળવા આવેલા યુવકનું છરીના ઘા મારી ઢીમ ઢાળી દીધું, હત્યારો PGVCLનો નિવૃત કર્મચારી



રાજકોટ, તા. ૨૩ઃ રાજકોટ શહેરમાં વધુ એક હત્યાનો બનાવ સામે આવ્યો છે. રેલનગર વિસ્તારમાં આવેલ દર્શવીલા બંગ્લોમાં પ્રેમિકાને મળવા આવેલા ઉપલેટાના યુવાનની પ્રેમિકાના પિતા દ્વારા હત્યા નિપજાવવામાં આવી છે. બનાવની જાણ થતા પ્રદ્યુમનનગર પોલીસ સ્ટાફ ઘટના સ્થળે પહોંચી મૃતદેહ પોસ્ટમોર્ટમ અર્થે ખસેડી આરોપીની અટકાયત કરી વધુ તપાસ હાથ ધરી છે. ઉલ્લેખનીય છે કે, આરોપી રાજેન્દ્રભાઇ રાઠોડ ડત્રટ્ઈક્ના નિવૃત કર્મચારી છે તેઓ પોતાની પુત્રી અને જમાઈ સાથે રહેતા હતા આજે સાંજના ૪ વાગ્યા આસપાસ તેઓ પોતાના ઘરની અંદર દીકરી સાથે તેના પ્રેમીને જોઈ જતા ઉશ્કેરાઈ જતા બન્ને વચ્ચે ઝપાઝપી થતા છરી વડે હુમલો કરતા ગંભીર રીતે ઘાયલ પ્રેમી યુવકનું ટૂંકી સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું.

રાજકોટ શહેરના પ્રદ્યુમનનગર પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલ રેલનગર ખાતે હત્યાનો બનાવ સામે આવ્યો છે. રેલનગર વિસ્તારમાં આવેલ દર્શવિલા બંગ્લોમાં આજે સાંજના ૪ વાગ્યા આસપાસ ઉપલેટાથી આસીફ સોરા (ઉ.વ.૩૦) નામનો યુવાન તેની પ્રેમિકાને મળવા માટે આવ્યો હતો. આસીફ તેની પ્રેમિકા સાથે તેના ઘરમાં નીચે હોલમાં આવેલ સોફામાં બેઠો હતો ત્યારે પ્રેમિકાના પિતા રાજેન્દ્રભાઈ રાઠોડ (ઉ.વ.૬૫) જોઈ જતા આસીફ અને રાજેન્દ્રભાઈ વચ્ચે ઝપાઝપી થઇ હતી જેમાં રાજેન્દ્રભાઈએ રોષે ભરાઈ આસિફને પગના ભાગે છરીનો એક ઘા ઝીંકી દીધો હતો. ગંભીર રીતે ઈજાગ્રસ્ત હાલતમાં આસીફને હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો જોકે ટૂંકી સારવાર દરમિયાન આસિફનું મોત નીપજ્યું હતું.

બનાવ અંગે સિવિલ ચોકીના સ્ટાફે નોંધ કરી પ્રદ્યુમનનગર પોલીસને જાણ કરી હતી જેથી પ્રદ્યુમનનગર પોલીસ સ્ટેશન પીઆઇ, પીએસઆઈ તેમજ એસીપી અને ડીસીપી કક્ષાના અધિકારી ઘટના સ્થળે દોડી ગયા હતા. પોલીસની પ્રાથમિક તપાસમાં મૃતક આશીફ સોરાને આરોપી રાજેન્દ્ર રાઠોડની દીકરી સાથે લગભગ છેલ્લા બે વર્ષ પ્રેમસબંધ હોવાનું સામે આવ્યું છે. તેમજ મૃતક યુવાન આજ રોજ ઉપલેટાથી રાજકોટ તેની પ્રેમિકાને મળવા માટે રાજકોટ આવ્યો હોવાનું સામે આવ્યું છે. મૃતક યુવાન આસિફ પ્રેમિકાને મળવા આવ્યો ત્યારે રેલનગર સ્થિત તેના ઘરમાં પ્રેમિકા તેના પિતા અને તેનું બાળક હાજર હતું તેનો પતિ હાજર ન હતો અચાનક પ્રેમિકાના પિતા ઉપરના માળેથી નીચે આવતા પ્રેમી સાથે દીકરીને જોઈ જતા ઝપાઝપી થઇ હતી અને પ્રેમિકાના પિતા રાજેન્દ્રભાઈ રાઠોડએ છરી વડે હુમલો કરી હત્યા નિપજાવી દીધેલ હતું.



આ ઉપરાંત પોલીસ તપાસમાં સામે આવ્યું છે કે આરોપી રાજેન્દ્રભાઈ રાઠોડ (ઉ.વ.૬૫)ના પત્નીનું અવસાન થઇ ગયું છે અને રેલનગર સ્થિત તેમના ઘરમાં તેમની દીકરી અને જમાઈ સાથે રહેતા હતા. આરોપી રાજેન્દ્રભાઈ રાઠોડ ડત્રટ્ઈક્ના નિવૃત કર્મચારી છે જેમને વૃદ્ધાવસ્થામાં જેલના સળિયા ગણવાનો વખત આવ્યો છે. હાલ પોલીસે આરોપી વિરુધ્ધ હત્યાની કલમ હેઠળ ગુનો નોંધી હત્યામાં વપરાયેલ છરી કબ્જે લેવા સહિતની જરૂરી કાગળ કાર્યવાહી હાથ ધરી છે.

# માનવતાનું ઉદાહરણ બનતા રાજકોટના આરટીઓ શ્રી કેતનસિંહ ખપેડ

## રાજકોટ–અમદાવાદ હાઈવે પર સાંજના સમયે બાવળા પાસે રિક્ષાના અકસ્માત દરમિયાન ત્યાંથી પસાર થતા RTOએ ઘાયલોને સારવાર અપાવી





### ■ રોડ સેફ્ટીની મિટિંગમાંથી આવી રહેલા અધિકારીઓએ ૧૦૮ બોલાવી તાકીદની સારવાર અપાવી

રાજકોટ, તા. ૨૩ઃ રાજકોટ-અમદાવાદ હાઈવે પર મંગળવારે સાંજે ૭ વાગ્યા આસપાસ એક રિક્ષાનો અકસ્માત થયો હતો જેમાં રિક્ષાના ચાલક સાથે તેમના પત્ની, માતા અને બાળકો પણ હતા. જેમાં રિક્ષાચાલકનો પગ લોહીલુહાણ હાલતમા હતો, જ્યારે તેમના પત્નીને માથા અને હાથના ભાગે ઈજા થઈ હતી. આ જ સમયે રોડ સેફ્ટીની મિટિંગમાં હાજરી આપીને આવી રહેલા રાજકોટના આરટીઓ કેતનસિંહ ખપેડ અને અન્ય અધિકારીઓએ રસ્તા પર અકસ્માત થયો હોવાનું અને ચાલકને ઈજા થઇ હોવાનું જોતા જ દોડી આવ્યા અને તાત્કાલિક ૧૦૮ બોલાવીને ઘાયલોને સારવાર અપાવી હતી. આ ઉપરાંત અકસ્માતને લીધે હાઈવે પર ટ્રાફિકજામ થયો હતો તે પણ ક્લિયર કરાવવામાં મદદરૂપ બન્યા હતા. આ અંગે આર.ટી.ઓ. ખપેડે જણાવ્યું હતું કે, તેઓ જે.વી.શાહ સાથે અમદાવાદ રોડ ખાતે યોજાયેલી સેફ્ટી કોન્ફરન્સ પૂરી કરી રાજકોટ પરત ફરતા હતા ત્યારે સાંજના ૭ વાગ્યે બાવળા (અમદાવાદ) પાસે પેસેન્જર રિક્ષાનો માર્ગ અકસ્‌માત થયેલો જોવા મળ્યો હતો. ત્રઉં૦૧ઉડ૮૯૦૨ નંબરની રિક્ષાના ચાલક સાથે તેમના પત્ની, માતા અને બાળકો પણ હતા જેમાં રિક્ષાચાલકનો પગ લોહીલુહાણ હાલતમા હતો, જ્યારે તેમના પત્નીને માથા અને હાથના ભાગે ઈજા થઇ હતી. ઘાયલ પરિવારને રોડ પર મુશ્કેલીભરી હાલતમાં જોઈ તેઓએ તાત્કાલિક ૧૦૮ બોલાવી ઘાયલ રિક્ષાચાલક અને તેમના પરિવારજનોને બાવળા પી.એચ.સી. ખાતે મોકલી આપ્યા હતા. આ.ર.ટી.આ.ે.સહિતના અધિકારીઓ અને તેમના ડ્રાઈવર નરેન્દ્રભાઈ કાઠીએ આ મુશ્કેલીભર્યા સમયે ટ્રાફિક નિયમન કરી અન્ય અકસ્માત ન બને તેની તકેદારી રાખી હતી.

# રાજકોટનું અટલ સરોવર બન્યું અયોધ્યાઃ જ્યાં જુઓ ત્યાં રામ જ રામ

## ■ રાજકોટનાં અટલ સરોવર ખાતેનાં રામ મહોત્સવમાં કુલ ૧૦૦૮થી વધુ બાળશ્રી રામ, વર્લ્ડ રેકોર્ડ થવાની શક્યતા

રાજકોટ, તા. ૨૩: આજે ૨૨ જાન્યુઆરીએ અયોધ્યા ખાતેનાં શ્રીરામ મંદિર પ્રાણપ્રતિષ્ઠાને એક વર્ષ પુરૂ થવાનાં અવસર પર સનાતન ધર્મરક્ષક સમિતિ દ્વારા રાજકોટમાં ૯ દિવસની ભવ્ય ઉજવણીનો કાર્યક્રમ આયોજીત કરવામાં આવ્યો છે. જે અંતર્ગત અટલ સરોવરમાં ૧૫૦૦ ફૂટમાં રામમય માહોલ ઉભો કરી રામ મહોત્સવ ઉજવવામાં આવી રહ્યો છે.





આ સ્થળે લોકો નિઃશુલ્ક આવી ભગવાન રામનાં દર્શન કરી રહ્યા છે. દરરોજ સાંજનાં ૪થી રાત્રે ૧૧ વાગ્યા સુધી વિવિધ ધાર્મિક કાર્યક્રમો યોજાઇ રહ્યા છે. જેમાં આજે ૧૦૦૮થી વધુ બાળકોએ ભગવાન શ્રીરામનો પહેરવેશ ધારણ કર્યો હતો. જેને લઈને જ્યાં જુઓ ત્યાં શ્રી રામ જેવા દ્રશ્યો જોવા મળ્યા હતા.

**પથી ૧૩ વર્ષના ૧૦૦૮થી વધુ બાળકો શ્રીરામ બન્યા**

સનાતન ધર્મરક્ષક સમિતિનાં પ્રદેશ અધ્યક્ષ વિજયભાઈ વાંકનાં જણાવ્યા મુજબ અયોધ્યામાં શ્રી રામ મંદિરનાં નિર્માણને ૧ વર્ષ પૂર્ણ થવા જઈ રહ્યું છે. જેનાં અંતર્ગત સનાતન ધર્મરક્ષક સમિતિ તેમજ રોયલ રજવાડી ગ્રુપ દ્વારા ૯ દિવસીય ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં આજે અયોધ્યા ખાતે ભગવાન શ્રીરામની પ્રાણ પ્રતિષ્ઠા થઈ હોવાથી ખાસ ઉજવણી કરવામાં આવી છે, જેમાં ભગવાન રામનાં ગુણગાનની સાથે પથી ૧૩ વર્ષના ૧૦૦૮થી વધુ બાળકો શ્રીરામ બન્યા છે. અને આયોજકો દ્વારા તેમને ચાંદલો કરી મંત્રોચ્ચાર સાથે પૂજન કરવામાં આવ્યું છે. અત્યાર સુધી આ પ્રકારે કોઈ ઉજવણી થઈ નથી. ત્યારે કાર્યક્રમનો વર્લ્ડ રેકોર્ડ સર્જાય એવી પૂરતી શક્યતા છે. આ માટે અમે વર્લ્ડ રેકોર્ડ નોંધતી કંપનીઓને ઈ-મેઈલ દ્વારા જાણ પણ કરી છે.

**વધુમાં વધુ લોકોને ભગવાન શ્રીરામની ભક્તિમાં લીન થવાની અપીલ કરી**

વધુમાં તેમણે જણાવ્યું હતું કે, જે લોકો અયોધ્યા જઈ શક્યા નથી તેના માટે રાજકોટનાં સ્માર્ટ સિટીમાં આવેલા અટલ સરોવર ખાતે ૧૫૦૦ ફૂટ વિશાળ જગ્યામાં આ ઉજવણી કરવામાં આવી રહી છે. ૧૮ જાન્યુઆરીથી શરૂ થયેલી આ ઉજવણી ૨૬ જાન્યુઆરી સુધી ચાલનાર છે તેમજ અહીં લોકો નિઃશુલ્ક દર્શન કરી શકે એવી વ્યવસ્થા કરવામાં આવી છે. આગામી ૨૬ જાન્યુઆરી રાત્રે ૮.30 કલાકે ભવ્ય કસુંબલ લોકડાયરાનું આયોજન કરવામાં આવ્યું છે.

**જ્યાં જુઓ ત્યાં રામ જ જોવા મળતા હતા**

ભગવાન શ્રીરામ બનીને આવેલી રાજકોટની ધ્યાની નામની દીકરીએ જણાવ્યું હતું કે, હું અહી ભગવાન શ્રીરામ બનીને આવી છું. અહીં મારા જેવા ઘણા બાળકો પણ શ્રીરામ બનીને આવ્યા છે. મેં અહીં મેળો પણ જોયો છે. અને મને ખુબ મજા આવી છે. તો યુગ કાનાબાર નામના બાળકે પોતે શ્રીરામ બન્યો હોવાનું જણાવ્યું હતું.

**લોકોને નિઃશુલ્ક પાસ વિતરણ કરાયું**

અટલ સરોવર ખાતે લોકો વિનામૂલ્યે રામમય માહોલનાં દર્શન કરી શકે તે માટે અટલ સરોવરમાં પ્રવેશ માટે અલગ ગેટ બનાવવામાં આવ્યો છે અને લોકોને નિઃશુલ્ક પાસ વિતરણ કરાયું છે. તેમજ સ્થળ ઉપર પણ ખાસ સ્ટોલ પરથી લોકોને ફ્રી પાસ આપીને વિનામૂલ્યે પ્રવેશ આપીને દર્શનનો લાભ આપવામાં આવી રહ્યો છે. અયોધ્યા ખાતે ભગવાન શ્રીરામની પ્રાણપ્રતિષ્ઠાને ૧ વર્ષ પૂર્ણ થવાના અવસર માટે આબેહૂબ અયોધ્યા જેવી ભગવાન રામની પ્રતિમા તૈયાર કરવામાં આવી છે. અને વિશાળ ગદા પણ બનાવવામાં આવી છે.

**ભવ્ય લોકડાયરાનું પણ આયોજન કરવામાં આવ્યું**

આ માટે ૧૫૦૦ ફૂટ જેટલી વિશાળ જગ્યામાં અવનવા ધાર્મિક ફલોટ, મૂર્તિ તથા પૌરાણિક ચીજવસ્તુઓ મુકવામાં આવી છે. આ આયોજનમાં ભગવાન શ્રીરામ મંદિરની ભવ્ય પ્રતિકૃતિ મંદિર બનાવાયુ છે. આ મંદિર પરિસરમાં ભાવિકો ભકતો મંદિરની અંદર જઇ દર્શનનો લાભ લઇ રહ્યા છે. આ કાર્યક્રમ માટે સનાતન ધર્મ રક્ષક સમિતિ તેમજ રોયલ રજવાડી ગ્રુપનાં આગેવાનો સતત સેવા આપી રહ્યા છે. ૨૬ જાન્યુઆરીએ આ કાર્યક્રમની પૂર્ણાહુતિ નિમિતે ભવ્ય લોકડાયરાનું પણ આયોજન કરવામાં આવ્યું છે.

**મીની અયોધ્યાનો માહોલ ઉભો કરવામાં આવ્યો હતો**

ઉલ્લેખનીય છે કે આ પહેલા સનાતન ધર્મરક્ષક સમિતિ દ્વારા વિરાણી હાઈસ્કૂલ ગ્રાઉન્ડ ખાતે મીની અયોધ્યાનો માહોલ ઉભો કરવામાં આવ્યો હતો. મોટી સંખ્યામાં રામ ભક્તોએ અહીં દર્શનનો લાભ લીધો હતો. અને અયોધ્યા ન જઈ શકતા ભક્તોએ મીની અયોધ્યાનાં દર્શન કરવા માટે લાંબી લાઈનો લગાવી હતી. તો હવે અટલ સરોવર ખાતે ફરી એકવાર અયોધ્યા જેવો રામમય માહોલ ઉભો કરવામાં આવ્યો છે. અહીં ઉભા કરવામાં આવેલા અનેક સેલ્ફી પોઈન્ટ ખાતે સેલ્ફી લઈને ભગવાન શ્રી રામની અયોધ્યા જેવી આબેહૂબ પ્રતિમાનાં દર્શન કરી ધન્યતા અનુભવી રહ્યા છે.



# આજે વોર્ડ નં.૪ની નવી વોર્ડ ઓફિસનું ઉદઘાટન

## જુના મોરબી રોડ પર લોકો માટે સુવિધાઃ ધારાસભ્ય ઉદય કાનગડના મત વિસ્તારમાં વધુ એક નવી સગવડતા મળી

રાજકોટ, તા. ૨૨

વોર્ડ નં.૪માં રૂ.૭૩ લાખના ખર્ચે શિવ શક્તિ પાર્ક, જુનો મોરબી રોડ, દયાલ મિલ સામેનો રોડ, દેવલોક પાર્ક સામે વોર્ડ ઓફિસના નવનિર્મિત બિલ્ડીંગનું લોકાર્પણ આવતીકાલે તા.૨૩ના ગુરૂવારે સવારે ૧૦ કલાકે, વિધાનસભા-૬૮ના ધારાસભ્ય ઉદયભાઈ કાનગડના હસ્તે અને મેયર શ્રીમતી નયનાબેન પેઢડીયાના અધ્યક્ષસ્થાને કરવામાં આવશે.

આ વોર્ડ ઓફિસના બિલ્ડીંગનું બાંધકામ ૪૪૧.૮૧ ચો.મી. અને ટોટલ પ્લોટ એરીયા ૧૨૯૦.૭૫ ચો.મી.મા બનાવવામાં આવેલ છે. આ બિલ્ડીંગમાં ગ્રાઉન્ડ ફ્લોર પર વોર્ડ એન્જીનીયર સહિતના અધિકારીઓના રૂમ, સ્ટોર રૂમ, ઈલેક્ટ્રીક રૂમ, હેન્ડીકેપ ટોઈલેટ તથા ફર્સ્ટ ફ્લોર પર વોર્ડ ઓફીસર રૂમ, ટેક્સ ઓફીસર રૂમ, મીટીંગ હોલ, કેશ બારી, ટોઈલેટ, સ્ટાફરૂમ વગેરે જેવી સુવિધા આપવામાં આવેલ છે.

આ લોકાર્પણ કાર્યક્રમમાં કેબિનેટ મંત્રી ભાનુબેન બાબરીયા, સાંસદ પરસોતમભાઈ રૂપાલા, રાજ્યસભાના સાંસદ રામભાઈ મોકરીયા, ભાજપ પ્રમુખ મુકેશભાઈ દોશી, ધારાસભ્ય ડો.દર્શિતા શાહ, રમેશભાઈ ટીલાળા, પ્રદેશ ઉપાધ્યક્ષ ડો.ભરતભાઈ બોઘરા, મંત્રી બિનાબેન આચાર્ય, ડે.મેયર નરેન્દ્રસિંહ જાડેજા, સ્ટે.ચેરમેન જયમીન ઠાકર, કમિશનર તુષાર સુમેરા, શાસક પક્ષ નેતા લીલુબેન જાદવ, દંડક મનિષભાઈ રાડીયા, મહામંત્રી અશ્વિનભાઈ મોલીયા, ડો.માધવ દવે, વિરેન્દ્રસિંહ ઝાલા, બાંધકામ સમિતિ ચેરમેન ભાવેશભાઈ દેથરીયા, કોર્પોરેટરો, અધિકારીઓ-કર્મચારીઓ ઉપસ્થિત રહેશે. જેમાં લોકોને ઉપસ્થિત રહેવા નિમંત્રણ અપાયું છે.આ વોર્ડ ઓફિસના બિલ્ડીંગનું બાંધકામ ૪૪૧.૮૧ ચો.મી. અને ટોટલ પ્લોટ એરીયા ૧૨૯૦.૭૫ ચો.મી.મા બનાવવામાં આવેલ છે. આ બિલ્ડીંગમાં ગ્રાઉન્ડ ફ્લોર પર વોર્ડ એન્જીનીયર સહિતના અધિકારીઓના રૂમ, સ્ટોર રૂમ, ઈલેક્ટ્રીક રૂમ, હેન્ડીકેપ ટોઈલેટ તથા ફર્સ્ટ ફ્લોર પર વોર્ડ ઓફીસર રૂમ, ટેક્સ ઓફીસર રૂમ, મીટીંગ હોલ, કેશ બારી, ટોઈલેટ, સ્ટાફરૂમ વગેરે જેવી સુવિધા આપવામાં આવેલ છે.



**ગ્રાઉન્ડ ફ્લોર પર વોર્ડ એન્જીનીયર સહિતના અધિકારીઓના રૂમ, સ્ટોર રૂમ, ઈલેક્ટ્રીક રૂમ, હેન્ડીકેપ ટોઈલેટ તથા ફર્સ્ટ ફ્લોર પર વોર્ડ ઓફીસર રૂમ, ટેક્સ ઓફીસર રૂમ, મીટીંગ હોલ, કેશ બારી, ટોઈલેટ, સ્ટાફરૂમ વગેરે જેવી સુવિધા**

### હરિવંદના કોલેજમાં ડો.બાબાસાહેબ આંબેડકરજીના

# યોગદાન અને ભાજપાની સંવિધાન પ્રત્યેની કટિબધ્ધતાનો પ્રચારની પત્રિકા વિતરણ કરાઈ

## વિધાનસભા–૬૯ ના ધારાસભ્ય ડો.દર્શિતાબેન શાહ ઉપસ્થિત વિધાર્થીઓને ડો.બાબાસાહેબના યોગદાન વિશે માહિતગાર કર્યા



રાજકોટઃ પ્રદેશ ભાજપ ની સૂચના મુજબ સંવિધાન ગૌરવ અભિયાન અંતર્ગત રાજકોટ શહેર ભાજપ ના અધ્યક્ષ શ્રી મુકેશભાઈ દોશી ના માર્ગદર્શન નીચે યુવા મોરચા ની આગેવાનીમાં હરિવંદના કોલેજ ખાતે વિધાર્થીઓ ને સંવિધાન ગૌરવ અભિયાન અંતર્ગત પત્રિકા વિતરણ અને માર્ગદર્શન આપતા વિધાનસભા -૬૯ના ધારાસભ્ય શ્રી ડૉ દર્શિતાબેન શાહ તેમજ સંવિધાન ગૌરવ અભિયાન ના સંયોજક અને શહેર ભાજપ ના ઉપાધ્યક્ષ શ્રી મહેશ રાઠોડ યુવા મોરચા ના પ્રમુખ શ્રી કિશન ટીલવા, યુવા મોરચા ના મહામંત્રી શ્રી સહદેવ ડોડીયા, યુવા મોરચા ના ઉપાધ્યક્ષ કિશન પટેલ, રવિ ચાંગેલા, યુવા મોરચા ના મંત્રી સુનિલ ગોહેલ તેમજ યુવા મોરચા ના જય ગજ્જર, મોનીલ શાહ, મોહિત શીયાળ, દર્શિત જોશી વગેરે સહીત આગેવાનો કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા કાર્યક્રમ નું સંચાલન શ્રી સહદેવ ડોડીયા તેમજ સ્વાગત પ્રવચન શ્રી મહેશ રાઠોડ અને આભારવિધિ શ્રી કિશન ટીલવા એ કરી હતી અને કાર્યક્રમ ની વ્યવસ્થા શ્રી સુનિલ ગોહેલ એ સાંભળી હતી

# રૂપિયામાં ઉથલપાથલઃ ઈન્ટ્રાડે વધી ૮૬.૨૮ થયા પછી ફરીથી તૂટીને ૮૬.૬૦ બોલાયો

મુંબઈ મુંબઈ કરન્સી બજારમાં આજે ડોલર સામે રૂપિયામાં મોટી ઉથલપાછલ જોવા મળી હતી. રૂપિયા સામે ડોલરના ભાવ આરંભમાં ઝડપી તૂટી ગયા પછી ફરી સ્પ્રિંગની જેમ ઉછળ્યા હતા. આવી મોટી ઉછળકુદ વચ્ચે બજારના ખેલાડીઓ પણ સ્તબ્ધ થઈ ગયા હતા એવું બજારના સૂત્રોએ જણાવ્યું હતું.

વિશ્વ બજારમાં ડોલરનો વૈશ્વિક ઈન્ડેક્સ ઘટતાં આજે મુંબઈ કરન્સી બજારમાં આરંભમાં રૂપિયા સામે ડોલર ઝડપી ઘટાડા પર રહ્યો હતો પરંતુ ત્યારબાદ શેરબજારમાં તીવ્ર કડાકો બોલાતાં રૂપિયો બપોર પછી ઝડપી તૂટી ગયો હતો અને ડોલરના ભાવ આરંભના આંચકા પચાવી ફરી વધી આવ્યા હતા. ડોલરના ભાવ રૂ.૮૬.૫૭ વાળા આજે સવારે રૂ.૮૬.૨૮ ખુલી નીચામાં ભાવ એ જ મથાળે રહ્યા પછી બપોર પછી ડોલરના ભાવ ઝડપી વધી ઉંચામાં રૂ.૮૬.૬૦ સુદી ઉછળી છેલ્લે બંધ ભાવ રૂ.૮૬.૫૮ રહ્યા હતા.

વિશ્વ બજારમાં વિવિધ પ્રમુખ કરન્સીઓ સામે ડોલરનો વૈશ્વિક ઈન્ડેક્સ ટ્રમ્પના આગમન પછી આરંભમાં નીચો ઉતર્યો હતો પરંતુ ત્યારબાદ ટ્રમ્પ દ્વારા કેનેડા તથા મેક્સિકો પર ફેબ્રુઆરીથી ૨૫ ટકા સુધીની ટેરીફ લાદવાનો સંકેત અપાતાં વૈશ્વિક ડોલર ઈન્ડેક્સ ફરી વધી આવ્યાના નિર્દેશો હતા અને તેના પગલે મુંબઈ કરન્સી બજારમાં પણ રૂપિયા સામે ડોલરના ભાવમાં આજે ખાસ્સી અફડાતફડી દેખાઈ હતી.

વિશ્વ બજારમાં ડોલરનો ગ્લોબલ ઈન્ડેક્સ ૧૦૯.૩૫ વાળો એક તબક્કે ગબડી નીચામાં ૧૦૮ની અંદર ઉતરી ૧૦૭.૯૬ સુધી ઉતર્યા પછી આ વૈશ્વિક ઈન્ડેક્સ ફરી વધી ઉંચામાં ૧૦૮.૭૮ થઈ ૧૦૮.૭૦ રહ્યાના નિર્દેશો મળ્યા હતા. આવી ઉછળકુદ આ પૂવે ખાસ જોવા મળી નથી એવું વિશ્વ બજારના સૂત્રોએ જણાવ્યું હતું.

# એસ.ટી.ને લગ્નગાળાનો પૂરબહાર ફાયદો: રાજકોટ વિભાગની દૈનિક આવકમાં ૧૦ લાખનો તોતીંગ વધારો

રાજકોટ, તા.૨૨

તાજેતરમાં કમૂર્તા પુરા થયા છે અને હવે ફરીથી પુરબહારમાં સમગ્ર રાજ્યમાં લગ્નગાળો ખીલ્યો છે. ઠેર ઠેર અસંખ્ય લગ્નના આયોજનો કરવામાં આવેલ છે. તેનો સીધો ફાયદો ફરી એકવાર એસટી તંત્રને થઇ રહ્યો છે.

રાજકોટ એસટી વિભાગની વાત કરીએ તો લગ્નગાળો હાલમાં રાજકોટ એસટી વિભાગને ખૂબ જ ફળી રહ્યો છે અને વ્યાપક ટ્રાફિક ઉપરાંત દૈનિક આવકમાં પણ જબર ઉછાળો થવા લાગ્યો છે. સાથોસાથ લગ્નગાળા માટે સ્પેશ્યલ વર્ધીના બુકીંગ પણ મોટાપાયે થવા લાગ્યા છે.



આ અંગેની રાજકોટ એસ.ટી. વિભાગના સુત્રોમાંથી મળતી વધુ વિગતો મુજબ તાજેતરમાં કમુર્તા વખતે ઘટી ગયેલી દૈનિક આવકમાં ફરી તોતીંગ ઉછાળો થઇ જવા પામેલ છે. કમુર્તા દરમ્યાન રાજકોટ એસટી વિભાગની દૈનિક આવક ૬૦ લાખ આસપાસ થઇ ગઇ હતી પરંતુ હવે લગ્નગાળાના પગલે ફરી દૈનિક આવક ૭૦ લાખથી વધુની થઇ ગઇ છે. આમ રોજની આવકમાં રૂા.૧૦ લાખ જેવો તોતીંગ વધારો થઇ જવા પામ્યો છે.

વધુમાં રાજકોટ એસટી વિભાગના સુત્રોમાંથી મળતી વિગતો મુજબ ખાસ કરીને ચાલુ વર્ષે લગ્નગાળાનો સૌથી વધુ ટ્રાફિક ગ્રામ્ય રૂટોમાં મળી રહ્યો છે. સૌરાષ્ટ્રને મોટા ભાગે ગ્રામ્ય રુટોની લોકલ બસોમાં ઓછા ભાડાના પગલે ચિક્કાર ટ્રાફિક નીકળ્યો છે. આ ઉપરાંત એક્સપ્રેસ રૂટો પણ ખુબ જ સારો ટ્રાફિક દેખાઇ રહ્યો છે. એસટી વિભાગના સુત્રોના જણાવ્યા મુજબ છેલ્લા કેટલાક દિવસોથી અમદાવાદ ઉપરાંત ભાવનગર, અમરેલી, જુનાગઢ, જામનગર, સુરેન્દ્રનગર અને ભુજના એક્સપ્રેસના રૂટોમાં પણ ખૂબ જ સારો ટ્રાફિક દેખાઇ રહ્યો છે.

એસટી વિભાગના સુત્રોએ એવું પણ જણાવેલ હતું કે, લગ્નગાળાના પગલે વધેલા ટ્રાફિકથી દૈનિક રાજકોટથી આઠ થી ૧૦ એક્સ્ટ્રા બસો મુકવી પડે છે અને હજુ પણ જરુર પડ્યે વધારાની બસો મુકવાની એસટી વિભાગની તૈયારી છે.

અત્રે ઉલ્લેખનીય બાબત એ છે કે, ગત વર્ષે લગ્નગાળા દરમ્યાન એસટીની બસો લગ્નોની વર્ધી માટે ખાસ બુક થઇ ન હતી. પરંતુ ચાલુ વર્ષે ચાલુ માસમાં જ આજ સુધીમાં ૩૮ થી વધુ બસો લગ્નો માટે બુક થઇ ગઇ છે અને હજુ પણ લગ્નગાળાની વર્ધી માટે સતત ઈન્કવાયરી થઇ રહી છે.

ત્યારે ચાલુ માસ દરમિયાન હજુ પણ લગ્નો માટે વધુ એસટી બસો બુક થાય તેવા નિર્દેશો છે. ઉલ્લેનીય બાબત એ પણ છે કે ખાનગી બસોની સરખામણીમાં એસટીની બસોમાં લગ્નની વર્ધીના ભાડા ઘણા ઓછા છે. આથી લોકો લગ્નો માટે એસટી બસની પસંદગી વધુ કરી રહ્યા છે.

# કોમ્પોઝિશન સ્કીમનો લાભ લેતાં વેપારીઓને મોટી રાહત, હવે ભાડાની મિલકત પર ૧૮% GST રદ

કોમ્પોઝિશન સ્કીમ હેઠળ રજિસ્ટર્ડ નાના વેપારીઓ અને ધંધાર્થીઓને મોટી રાહત આપતાં સેન્ટ્રલ બોર્ડ ઓફ ઈનડાયરેક્ટ ટેક્સિસ એન્ડ કસ્ટમ્સે ૧૮ ટકા જીએસટી માફ કરવાની જાહેરાત કરી છે. સીબીઆઈસીની નવી નોટિફિકેશન અનુસાર, કોમ્પોઝિશન એટલે લમસમ સ્કીમ હેઠળ રજિસ્ટર્ડ કરદાતાઓ દ્વારા રજિસ્ટ્રેશન ન ધરાવતા મિલકત માલિકો પાસેથી ભાડે લેવાતી મિલકત પર રિવર્સ ચાર્જ મિકેનિઝમ હેઠળ લાગુ ૧૮ ટકા જીએસટી ચૂકવવો પડશે નહીં.




રિવર્સ ચાર્જ મિકેનિઝમ એ નોન રજિસ્ટર્ડ વ્યક્તિ દ્વારા રજિસ્ટર્ડ વેપારીને ભાડે અપાતી સંપત્તિ પર વસૂલવામાં આવતો ટેક્સ છે. જેમાં કોમ્પોઝિશિન સ્કીમ હેઠળ રજિસ્ટર્ડ કરદાતાઓએ રિવર્સ ચાર્જ હેઠળ ૧૮ ટકા જીએસટી ચૂકવવો પડે છે. તેમજ તેમાં ઈનપુટ ટેક્સ ક્રેડિટનો લાભ પણ મળતો નથી. પરિણામે તેમના પર ટેક્સનું ભારણ વધી જાય છે. નવી નોટિફિકેશનથી આ ટેક્સનું ભારણ ઘટશે.

કોમ્પોઝિશન સ્કીમનો લાભ લેતાં જીએસટી કરદાતાઓ પોતાના ટર્નઓવરના ફિક્સ રેટ પર કોઈપણ પ્રકારની જીએસટી પ્રક્રિયાઓને અનુસર્યા વિના ટેક્સની ચૂકવણી કરે છે. કોમ્પોઝિશન સ્કીમનો વિકલ્પ પસંદ કરનારા વેપારી સર્વિસ પ્રોવાઈડર હોય તો તેનું વાર્ષિક ટર્નઓવર રૂ. ૫૦ લાખ અને ટ્રેડર કે મેન્યુફેક્ચરર હોય તો તેનું વાર્ષિક ટર્નઓવર રૂ. ૧.૫૦ કરોડથી ઓછી રકમનું હોવું જરૂરી છે. જો કે, તેઓને જીએસટીની ચૂકવણી પર ઈનપુટ ટેક્સ ક્રેડિટ મળતી નથી. પરિણામે કાર્યકારી મૂડીનો બોજો વધી જાય છે. આ ભારણને દૂર કરતાં સીબીઆઈસીએ ૧૮ ટકા જીએસટી માફ કરવાનો નિર્ણય લીધો છે.

ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ કરીમ લાખાણીએ જણાવ્યું હતું કે, ઓક્ટોબર, ૨૦૨૪માં લાગુ નવા નિયંત્રણો હેઠળ કોમ્પોઝિશન સ્કીમ સાથે જોડાયેલા અને લીઝ પર મિલકત લેનારાઓ ખાસ કરીને રેસ્ટોરાંના બિઝનેસ સાથે સંકળાયેલાં નાના વેપારીઓની હાલાકી વધી હતી, કારણકે તેમના પર ૧૮ ટકા જીએસટીનો બોજો રિવર્સ ચાર્જ મિકેનિઝમ હેઠળ લાગુ કરવામાં આવ્યો હતો. વધુમાં તેના પર ઈનપુટ ટેક્સ ક્રેડિટ પણ મળતી નહોતી. આ બોજો દૂર કરવા સીબીઆઇસીએ ૧૬ જાન્યુઆરીએ એક પરિપત્ર જાહેર કરી જણાવ્યું હતું કે, કોમ્પોઝિશન સ્કીમ હેઠળ ડીલર અનરજિસ્ટર્ડ વ્યક્તિ પાસેથી ભાડાંની જગ્યા લે તો તેવા સંજોગોમાં રિવર્સ ચાર્જ મિકેનિઝમની જોગવાઈ હેઠળ ૧૮ ટકાના દરે જીએસટી જમા કરાવવો ન પડે તે માટે ઓક્ટોબર ૨૦૨૪માં દાખલ કરેલી જોગવાઈ રદ કરી દેવામાં આવી છે. જેથી કોમ્પોઝિશનનો વિકલ્પ પસંદ કરનારા વેપારીઓ દુકાન, ઓફિસ, ગોદામ કે વેરહાઉસ સહિતની કોમર્શિયલ પ્રોપર્ટી ભાડે લે તો તેમણે હવે ૧૮ ટકા જીએસટી જમા કરાવવો પડશે નહીં.



# રાજ્યમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી બાદ ભાજપ રાજકોટ સહિતના શહેર જિલ્લા પ્રમુખ જાહેર કરશે

## પ્રમુખોની યાદી ક્યારે જાહેર થશે તેની રાજકીય ચર્ચાઓ વચ્ચે મોટી મુદત પડે તેવાં એંધાણઃ રાજકોટમાં પ્રમુખની સામે ચોક્કસ જૂથે જાહેરમાં વિરોધ દર્શાવ્યો હતો, વિરોધી ફાવશે કે લપડાક

રાજકોટઃ ભાજપ સંગઠનને વધુ મજબૂત અને સર્વસ્વીકૃત બનાવવા માટે પ્રથમ વખત સંગઠનના મુખ્ય હોદ્દેદાર માટે ભાજપે ચૂંટણી પ્રક્રિયા હાથ ધરી હતી. રાજ્યભરમાં શહેર અને જિલ્લા પ્રમુખ માટે તા.૪ જાન્યુઆરીના ચૂંટણી પ્રક્રિયા થઇ હતી અને ત્રણ ચાર દિવસમાં નવા પ્રમુખની જાહેરાત કરી દેવાશે તેવી વાતો જાહેર કરાઇ હતી પરંતુ હજુ સુધી નવા સુકાનીની જાહેરાત થઇ નથી એટલું જ નહીં, આગામી તા.૨૧ ફેબ્રુઆરી સુધી તો નામ જાહેર નહીં જ થાય તેવા સંકેતો મળી રહ્યા છે.

રાજ્યના તમામ શહેર જિલ્લાના પ્રમુખની જાહેરાત બાદ નવા પ્રમુખ પોતાની નવી ટીમ બનાવીને સંગઠનને મજબૂત કરશે, ૮ જાન્યુઆરી સુધીમાં નવા સુકાનીની જાહેરાત કરી દેવામાં આવશે તેવું દ્ઢપણે કહેવાતું હતું, ગાંધીનગરની બેઠક બાદ દિલ્હીમાં પણ આ મુદ્દે ચર્ચા વિચારણા થઇ ગઇ પરંતુ પ્રમુખની યાદી જાહેર કરવામાં આવી નહોતી, ક્યા કારણોસર સત્તાવાર જાહેરાત અટકી છે તે અંગે અનેક ચર્ચાઓ ચાલી રહી છે,

પરંતુ ભાજપના વિશ્વસનીય વર્તુળોમાંથી પ્રાપ્ત માહિતી મુજબ સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી જાહેર થઇ ગઇ છે. તા.૨૭ જાન્યુઆરીના ચૂંટણીનું જાહેરનામું પ્રસિદ્ધ થશે. તા.૧ ફેબ્રુઆરીથી ફોર્મ ભરવાનું શરૂ થશે, તા.૧૬ ફેબ્રુઆરીના મતદાન અને તા.૧૮ ફેબ્રુઆરીના મતગણતરી થશે અને તા.૨૧ ફેબ્રુઆરીના ચૂંટણી પ્રક્રિયા વિધિવત રીતે પૂર્ણ થશે. જે શહેર જિલ્લામાં નવા પ્રમુખને મુકવામાં આવે અને ત્યાં ચૂંટણી હોય તો ચૂંટણીમાં તેની વિપરીત અસર પડી શકે તેવી સંભાવનાને ધ્યાને લઇ હાલ તુર્ત વર્તમાન હોદ્દેદારોના નેતૃત્વમાં જ સ્થાનિક ચૂંટણી લડવાનો નિર્ણય લેવાયો હોવાના સંકેતો મળ્યા હતા, એટલું જ નહીં, હાલમાં પ્રદેશ ભાજપ પ્રમુખ સીઆર પાટીલ પણ વિદેશ પ્રવાસે જઈ રહ્યા છે.

આ તમામ સંજોગો અને સંકેતો પરથી રાજકીય આગેવાનો માની રહ્યા છે કે સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી પૂરી થયા બાદ એટલે કે તા.૨૧ ફેબ્રુઆરી પછી નવા પ્રમુખોની જાહેરાત થશે. રાજકોટ શહેરમાં વર્તમાન પ્રમુખને હટાવવા માટે ચોક્કસ જૂથે ભારે મથામણ કરી હતી.ચૂંટણી નિરીક્ષક માયાબેન કોડનાણી અને રાજ્યસભાના સાંસદ મયંક નાયકને રૂબરૂ મળી નવો ચહેરો આપવા માંગ કરવામાં આવી હતી, જ્યારે વર્તમાન પ્રમુખના જૂથે તેમની ટીમને ટૂંકો સમય મળ્યો હોય અને આ ગાળા દરમિયાન પાર્ટીના અનેક મહત્વકાંક્ષી પ્રોજેક્ટમાં નોંધનીય કામગીરી કરી હોય રિપીટ કરવા રજૂઆત થઇ હતી.

વિરોધ ફાવે છે કે વિરોધ કરવામાં લપડાક મળશે તે પ્રમુખની જાહેરાત બાદ જ સ્પષ્ટ થશે.ભાજપ સંગઠનને વધુ મજબૂત અને સર્વસ્વીકૃત બનાવવા માટે પ્રથમ વખત સંગઠનના મુખ્ય હોદ્દેદાર માટે ભાજપે ચૂંટણી પ્રક્રિયા હાથ ધરી હતી. રાજ્યભરમાં શહેર અને જિલ્લા પ્રમુખ માટે તા.૪ જાન્યુઆરીના ચૂંટણી પ્રક્રિયા થઇ હતી અને ત્રણ ચાર દિવસમાં નવા પ્રમુખની જાહેરાત કરી દેવાશે તેવી વાતો જાહેર કરાઇ હતી પરંતુ હજુ સુધી નવા સુકાનીની જાહેરાત થઇ નથી એટલું જ નહીં, આગામી તા.૨૧ ફેબ્રુઆરી સુધી તો નામ જાહેર નહીં જ થાય તેવા સંકેતો મળી રહ્યા છે.

રાજ્યના તમામ શહેર જિલ્લાના પ્રમુખની જાહેરાત બાદ નવા પ્રમુખ પોતાની નવી ટીમ બનાવીને સંગઠનને મજબૂત કરશે, ૮ જાન્યુઆરી સુધીમાં નવા સુકાનીની જાહેરાત કરી દેવામાં આવશે તેવું દ્ઢપણે કહેવાતું હતું, ગાંધીનગરની બેઠક બાદ દિલ્હીમાં પણ આ મુદ્દે ચર્ચા વિચારણા થઇ ગઇ પરંતુ પ્રમુખની યાદી જાહેર કરવામાં આવી નહોતી, ક્યા કારણોસર સત્તાવાર જાહેરાત અટકી છે તે અંગે અનેક ચર્ચાઓ ચાલી રહી છે, પરંતુ ભાજપના વિશ્વસનીય વર્તુળોમાંથી પ્રાપ્ત માહિતી મુજબ સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી જાહેર થઇ ગઇ છે. તા.૨૭ જાન્યુઆરીના ચૂંટણીનું જાહેરનામું પ્રસિદ્ધ થશે.

ૐકારા

કર્મ એજ ધર્મ | સનાતન એજ સત્ય | આત્મા એજ પરમાત્મા

સનાતન પુનઃઉત્થાન અને સ્થાપનાના મહાસંકલ્પના ધારક



## પ.પુ. શ્રી ૐ કારા પ્રભુ - ૐ દાદા

હું સૌનો સૌ અમારા, સૌનું સૌને અર્પણ

**: સ્થાપક :**

(૧) ૐકારા સંપ્રદાય (૨) ૐદાદા ફાઉન્ડેશન (૩) ૐકારા મહાસંઘ

જ્યાં સુધી આપણી પીઠ પાછળ વાતો નહિ થાય, ત્યાં સુધી
સમજવું કે હજુ આપણે બરોબર ઉતર્યા નથી.
સજાગતા પૂર્વક કર્મો કરી, નિંદા ઉપર ધ્યાન ન આપી પ્રગતિ કરીએ.

1. Facebook.com/omkaraprabhuji
2. Instagram.com/omkaraprabhuji
3. X.com/omkaraprabhuji
4. Youtube.com/@omkaraprabhuji
5. whatsapp.com/channel/0029VaE9O9e2v1Ip5ipCAR3n

ૐ જ છે આસ્થા,
ૐ માં છે વિશ્વાસ ૐમાં
છે શક્તિ, ૐમાં છે
સંસ્કાર ૐ થી જ થાય છે
સારા દિવસની શરૂઆત
બોલો ૐ ૐ ૐ


રામમંદિર ને એક વર્ષ પુર્ણ થતા ઉજવણી નિમિતે ૯ દિવસ નું ભવ્ય આયોજન કરેલ છે.
શ્રી સનાતન ધર્મ રક્ષક સમિતિ
શ્રી વિજયભાઈ વાંક
ભરતભાઈ દોશી
રક્ષિત કલોલા
હાર્દિકસિંહ રાઠોડ
સ્થળ અટલ સરોવર
શ્રી સનાતન ધર્મ રક્ષક સમિતિ
Rangilu Rajkot
રાજકોટ બનશે રામમય
૧૮ થી ૨૬ જાન્યુઆરી
સમય: ૪ થી ૧૧
૧૦૦૮ બાળકો શ્રીરામ બનીને બનાવશે વર્લ્ડ રેકોર્ડ
શ્રી રામ

રાજકોટ બનશે રામમય

શ્રી સનાતન ધર્મ રક્ષક સમિતિ

Royal Rajwadi Rangilu Rajkot

## Invitation



શ્રી વિજયભાઈ વાંક



ભરતભાઈ દોશી



રક્ષિત કલોલા



હાર્દિકસિંહ રાઠોડ

# "રાજકોટ બનશે રામમય"

આત્મીય શ્રી ..........................................................................................

શ્રી સનાતન ધર્મ રક્ષક સમિતિ તેમજ રોયલ રજવાડી રંગીલું રાજકોટ ફેમેલી કલબ દ્વારા આપડા રાજકોટ શહેર ના અટલ સરોવર ખાતે અયોધ્યા મંદિર ના એક વર્ષ પૂર્ણ થતા હોય એના ભાગ રૂપે અમો એ ૯ દિવસીય ભવ્ય ઉજવણી નું આયોજન કરેલ છે. આ આયોજન માં અમો અયોધ્યા મંદિર પ્રતિકૃતિ સ્વરૂપે ભવ્ય રામ મંદિર પરિસદ માં આપ અંદર પ્રવેશી ભગવાન શ્રી રામલલ્લા ના દર્શન કરી શકાશે તેવી વયવસ્થા ઉભી કરેલ છે. તો આવો આપડે સોં સાથે મળી આપણા રાજકોટ શહેર ને રામમય બનાવીયે..

**18 to 26**
જાન્યુઆરી

:: સમય ::
સાંજે 04:00 થી રાત્રે 11:00 વાગ્યા સુધી

:: સ્થળ ::
**અટલ સરોવર, રાજકોટ.**

Support by:
Ashwin Prajapati
Perfect
Group Of Company

Invited By:

જય શ્રી રામ

શ્રી સનાતન ધર્મ રક્ષક સમિતિ

Royal Rajwadi Rangilu Rajkot

જય શ્રી રામ

**નોંધ : આ પાસ પર ૪ વ્યકિત ને પ્રવેશ મળશે.**


RAR Foundation
।। જય માતાજી ।।
।। જય માં આશાપુરા ।।
સ્વ. મહિપતસિંહજી ભાવુભાબાપુ જાડેજા-રીબડા
માજી ધારાસભ્યશ્રી - ગોંડલ
ની દ્વિતીય પુણ્યતીથીના સ્મરણાર્થે
થેલેસેમિયા તથા ગંભીર બીમાર દર્દીઓ માટે
મહા
દ્વિતીય
રક્તદાન કેમ્પ
1 ફેબ્રુઆરી 2025, શનિવાર
સમય
સવારે ૯:૦૦ થી બપોરે ૨:૦૦ કલાક સુધી
સ્થળ
શ્રી મહિરાજ બજરંગબલી મંદિરની પાછળ નેશનલ હાઈવે, રીબડા.
રાજદિપસિંહ અનિરુદ્ધસિંહ જાડેજા રીબડા
સંસ્થાપક : RAR ફાઉન્ડેશન ભારત

નો ફેવર, નો ફિઅર...

# સામના મિરર

Daily Morning Newspaper







## ડિજિટલ ભારતની સાથે
## તમે પણ બનો ડિજિટલ...

**તમારા ધંધા-વેપારની જાહેરાત 'સામના મિરર'માં આપી આપના વ્યવસાયને પહોંચાડો લાખો વાંચકો સુધી...**

મોબાઇલમાં નિયમિત સમાચારો મેળવવા

**વોટ્સએપ પર**

**Hi લખીને મોકલો**

**98983 17826**

**અને જોડાઇ જાવ અમારી સાથે...**

SAPPHIRE GOLD

Project By
JMJ PROJECTS
Dream.Create.Inspire...
RAJKOT | MUMBAI | AHMEDABAD
jmjprojects.in

સેફાયર છે ને.. !!
શું કામ ન મળે સપનાનું ઘર...

2 BHK Flats
618 Carpet

3 BHK Flats
824 Carpet

એકવાર સેમ્પલ ફલેટ તો જુઓ, બીજું કંઇ નહીં ગમે...

@ Raiya Road, Opp. Tulsi Super Market, Rajkot

Contact : 94038 90004

RERA Reg. No.: PR/GJ/RAJKOT/RAJKOT/Others/MAA 12629/111123
Web : gujrera.gujarat.gov.in

# PROPERTY ZONE

(૧) મનહર પ્લોટ શેરી નંબર સાતમાં પાંચ ફ્લેટ એકીસાથે વેચવાના છે સામે ખેતીલાયક જમીન ચાલશે ૮૦.હજાર ભાડાની આવક સાથે સામે ખેતીની જમીન ચાલશે

(૨) રૈયા રોડ પર ૩૫૮ વાર જગ્યા વેચવાની છે દરેક ધંધાને અનુરૂપ રોડ ટચ

(૫) પંચવટી સોસાયટી ૩૦૫ વાર પ્લોટ વેચવાનો છે

(૬) પાંચ ફ્લેટ એકીસાથે વેચવાના છે ત્રણ બેડરૂમ હોલ કિચન લોકેશન સુભાષ નગર મેઈન રોડ

(૭) રૈયા રોડ આલા ગ્રીન સિટી પાસે ૨ બીએચકે નો ફ્લેટ વેચવાનો છે ૬૮૦ કાર્પેટ, લક્ઝરી ફર્નિચર સાથે સાતમો માળ

**રાજકોટના પોર્સ વિસ્તારમાં પ્રોપર્ટી લે-વેચ કરવા માટે અમારો સંપર્ક કરવો**
**મોબાઈલ નં. ૯૯૨૪૧ ૪૭૦૫૯ રમેશભાઈ વાગડીયા**

## તાત્કાલિક કસમાં ચાલુ વ્યવસાય સાથેનો શોરૂમ વેચવાનો છે

**કાલાવડ રોડ પરિમલ સ્કુલ ની સામે જયસીયારામ ટીસ્ટોલની બાજુમાં મોં. 98983 17826**


લાઈફ ટાઈમ*
ડિમેટ એકાઉન્ટ ફ્રી
AM TRADING
ફ્રી એડવાઈઝરી
EQUITY STOCK
IPO/SME IPO
OPTION TRADING
NIFTY BANK NIFTY
COMODITY
CURRANCY
Design by:- With Me Digital : 9537300305
દરરોજ ફ્રી માહિતી મેળવવા
માટે આપેલ QR CODE SCAN
કરીને જોઈન કરો.
Mayuri Bagadai
63555 17630
AM trading
am_trading71


RAVI ENGLISH INSTITUTE ®
SINCE 2003
Ravi ENGLISH INSTITUTE
Where Growth is A Way of Life
A/C Class
ધો.૪ થી ૧૨ તેમજ ટેટ, ટાટ અને
સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે તેમજ ઈઝરાયલ
જેવા દેશોમાં કેર ટેકર તરીકે જવા
ઈચ્છુક વ્યકિતઓ માટે અંગ્રેજી ભાષાનું સચોટ શિક્ષણ.
SPOKEN ENGLISH
૧૦૦% રીઝલ્ટ
ઓરીએન્ટેડ ગેરેન્ટી
અંગ્રેજી આટલું સરળ?
એક વખત અચૂક મુલાકાત લો...
Rasik Mehta
+919879329391
Learn English
Language With
Money Back
Guarantee..
FREE
TRIAL
3 DAYS
અમારી વિશિષ્ટતાઓ
બધા લેવલ એક જ ફી માં કરાવતી એકમાત્ર સંસ્થા.
ધોરણ ૫ થી ૧૨ નું અંગ્રેજી વિષયનું શિક્ષણ પણ મેળવો.
દરેક બેચમાં મર્યાદિત સંખ્યા અને વ્યકિતગત માર્ગદર્શન.
ડેઈલી-વિકલી-મંથલી રીવીઝન સીસ્ટમ.
પ્રોજેક્ટર + કોમ્પ્યુટર દ્વારા આધુનિક શિક્ષણ.
૧૦,૦૦૦ જેટલા વાક્યો તેમજ૧૦,૦૦૦ જેટલા
શબ્દોનું જ્ઞાન પિરસતી એકમાત્ર સંસ્થા.
નવી બેચિઝ
ટૂંક સમયમાં શરૂ.
SCAN TO
ENJOY VIDEO
FOLLOW US:
Ravi English Institute
You Tube
art house
હેડઓફિસ :
"શ્રી હરી કોમ્પલેક્ષ" પહેલા માળે, યુનિ. રોડ,
ધોળકીયા સ્કુલ સામે, શેરી નં.૭ નો ખુણો,
બોમ્બે હાઉસીગ સોસાયટી મેઈન રોડ,
રાજકોટ. MO. 98793 29391
બ્રાન્ચ ઓફિસ :
૧૫૦ ફુટ રીંગ રોડ, બાલાજી હોલ પાછળ,
ધોળકીયા સ્કુલ પાસે સાગર ચોક,
શિવમ કોમ્પલેક્ષ, પહેલા માળે, રાજકોટ.
MO. 98245 81306


7 ACRE OF GRANDIOSITY
IN THE HEART OF RAJKOT
SAPPHIRE
Skyline
Magnificent
4 BHK Flats & Penthouses
Project By
JMJ PROJECTS
Dream.Create.Inspire...
JS
GROUP
@ KALAWAD ROAD,
NEAR CRYSTAL MALL
Contact Us. 73000 60030 • 92746 11111
KALAVID


VS GRAPHICS
આપના
ન્યુઝ પેપરને
આપીશુ એક
નવી ઉંચાઈ
મહેનત અમારી,
સફળતા તમારી
સચોટ માર્ગદર્શક
અદ્‌ભુત લે-આઉટ
અવનવી તસવીરો સાથે
M : 94097 57062